1 BHK રેડી ફ્લેટ 99 લાખ
તદ્દન નવી બિલ્ડિંગમાં
Office Wadhwa The Gateway
Sale/Rent Availabe
2 BHK 1.50 cr.
3 BHK 1.90 cr.
ઓબેરોય 3,4 BHK ભાડેથી
તેમજ વેચાણથી મળશે
Deepak Kesaria
9707 777 771

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

Kamlesh
Namkeen! Har Din...
www.namkeenhardin.com

વર્ષ : ૨૭ • અંક : ૩૯ • સળંગ અંક : ૧૩૫૫ • મુંબઈ • બુધવાર • તા.૧૬ ઓક્ટોબર – ૨૨ ઓક્ટોબર ૨૦૨૪ • કુલ પાના ૧૬+૧૬=૩૨ • કિંમત રૂ.૫.૦૦




Click Here

# ક્લાસિફાઈડ્સ

### ખાસ નોંધ

આ અખબારમાં પ્રગટ થતી કોઈપણ જા.ખ.ના આધારે કોઈને પણ પૈસા મોકલતા પહેલા, કોઈ ખર્ચ માથે લેતા પહેલા કે કોઈપણ પ્રકારનો કરાર કરતા પહેલા વાચકો પૂરતી પૂછપરછ કરી લે એવો તેમને અનુરોધ છે. એડવર્ટાઈઝરો દ્વારા પોતાની પ્રોડક્ટ અને સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તેના વિશે ગુર્જરમાત કોઈ જવાબદારી સ્વીકારતું નથી. એડવર્ટાઈઝરો પોતાના દાવામાં ખરા ન ઉતરે એવા સંજોગોમાં કોઈપણ પરિણામ માટે ગુર્જરમાતના માલિક, તંત્રી, મુદ્રક અને પ્રકાશક જવાબદાર નહીં ગણાય.

– વ્યવસ્થાપક

### ક્લાસિફાઈડ્સ જાહેરાતના દર

ક્લાસિફાઈડ્સ જાહેરાતના પ્રથમ ૧૫ શબ્દોના રૂા. ૧૦૦ લેખે સ્વિકારવામાં આવશે. હેડીંગના રૂા. ૧૦ એક્સ્ટ્રા થશે. ૧૫ શબ્દો પછીના વધારાના દરેક શબ્દ દીઠ રૂા.૫ તરીકે લેવા આવશે. + ૫% જીએસટી અલગ લેવા આવશે. જાહેરાત સોમવાર સાંજ સુધી જ સ્વીકારવામાં આવશે. જાહેરાતનું લખાણ ઓફિસ પર ઉપલબ્ધ ફોર્મમાં જ લખી આપવાનું રહેશે.

**જાહેરખબર મોકલાવો - કાર્યાલયમાં આપો**

મુલુંડ ટાઈમ્સ પબ્લિકેશન સેન્ટર બી-૩, ક્રિષ્ણકુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધ્ધા રોડ, મુલુંડ(વે).

સંપર્ક : **9322257731**
**gurjarmat@gmail.com**
**www.facebook.com gurjarmat**
**www.gurjarmat.com**

### Display Advt. Rates

First colour Page Rs.40/- Per Sq.cm.
Last colour Page Rs.32/- Per Sq.cm.
Inner Colour Page Rs.24/- Per Sq.cm.

## શૈક્ષણિક

**French Classes**

I help you to learn French Language to it's best. Online and offline classes, Weekend Classes too, Acedemic wise classes, Levels exams till A2, Audio visual sessions and oral practice, Library facility available to borrow books. Call : **9821116175** 1163 (1374)

**English Grammar Tuitions Board: ICSE/CBSE**

Std.: 8th, 9th, 10th. Small Batches of 5-7 students Personalized Attention Regular Assessment and Mock Tests Whats App: **8169587673** Mulund West Batches start from 1st June 2024 1163 (1374)

## નોકરી સંબંધી

**GROOMING**

EMPOWER & GROW. Shape Up Your Personality under Personality Expert **Mr. Abhijit Sir - 9867489566** 6685 (1357)

**એકાઉન્ટસ**

કંપની સોસાયટી અને પર્સનલ એકાઉન્ટસ, જી.એસ.ટી., ઈન્કમટેક્સ સાથે ફાઈનલાઈઝેશન સુધી કરી આપશું. **દિલીપભાઈ - 9324203535** 499 (1397)

Job in Insurance Sector Call : **9773661090**

## ધંધાદારી

એલ્યુમિનિયમ સ્લાઈડીંગ બારીઓ રીપેરીંગ અને નવી કરી આપશું. **સંપર્ક : ભરતભાઈ 09730402879, 79772 67990** 6660 (1365)

**જુના કપડા વેચાતા લેશું**

જુના પેંટ, શર્ટ, સાડી, પંજાબી ડ્રેસ જુની જરી બોર્ડરની સાડી, શેલા રોકડા પૈસાથી લેશું. **અજયભાઈ - 9833237011** 491 (1357)

## ધંધાદારી

**કવર! કવર!! કવર!!!**

ટ્રોલી બેગ, ડાઈનીંગ ટેબલ, L.C.D. વોશીંગ મશીન, હોમ થીયેટર, ઓવન, કોમ્પ્યુટર, સાડી, ડસ્ટ પ્રોટેક્ટ કવર ઈન્ડિયન, ઈમ્પોર્ટેડ ટ્રાન્સપરન્ટમાં **સંપર્ક : ઈલાબેન પંડ્યા - 9224366624** 000 (1404)

**વોશીંગ મશીન રીપેરીંગ**

શું આપનું વોશીંગ મશીન માઈક્રોવેવ ઓવન LCD, LED, T.V., બગડી ગયું છે? બોલાવો પ્રેમલ શાહને ઘરે આવીને રીપેર કરી આપશું. **પ્રેમલ શાહ : 9892020358** 916 (1365)

**પ્રતાપ પેકર્સ એન્ડ મુવર્સ**

૪૯ વર્ષથી ઓફીસ ઘર સામાન, કાર, હોમ ટુ હોમ. **9920955291, 98210 70320, 9821543816 લલીતભાઈ ઠક્કર** 031 (1378)

**Jainam Publicity**

પેપરોમાં મરણનોંધ, શ્રધ્ધાંજલિ આપવા દોડાદોડી કરશો નહિં, ફક્ત Whatsapp કરો. **9619160611, 9323804751** 621 (1361)

**RVS Pest Control**

Fast Relief From Termite, Bedbugs, Cockroaches, Rats, General Injection etc. With Full Guarantee. **90048 88384, 98333 31222** 6658 (1363)

**સનસાઈન કવર્સ**

ડાઇનિંગ ટેબલ કવર, વોશિંગ મશીન કવર, સુટકેશ કવર, ઘરઘંટી કવર, માઈક્રોવેવ કવર, બ્લેન્કેટ કવર, બ્લાઉઝ કવર, ગીફ્ટ આઈટમ કવર, ગિટાર કવર, કેસીઓ કીબોર્ડ કવર, સાડી કવર, કુર્તિ કવર, અન્ય વિવિધ પ્રકારના કવર તમારા ઘરે, ઓફિસે આવીને બનાવી આપીશું. **આલમ - 98924 44436 98924 44413 / શબ્બીર - 87798 49022, 88501 55168.** 00 (1357)

## મહિલા માટે

**1+1 Free**

બ્રાઈડલ પેકેજ, બ્યુટી પેકેજ, બ્યુટી પાર્લર શીખો, કાન, કાણા પૂરાવો. ઘર બેઠા કરો. **9867094908, 9224751673** 163 (1384)

## જગ્યા સંબંધી

**શ્રી એસ્ટેટ એજેન્સી**

ઘર, મકાન, દુકાન, પ્લોટસ લેવા અથવા વેચવા સંપર્ક કરો. **9324017291, 98700 56751** 034 (1379)

(મુલુંડ વેસ્ટ, વૈશાલી નગર પાસે)
**શ્રીનગર માં 85.50L**
**1 BHK, 507 (Built Up), 450 (Carpet), ૧ લે માળે,**
* શ્રી આદિનાથ દેરાસરની સામે,
* ૩ સાઈડ ઓપન
* હવા ઉજાશ વાળી જગ્યા,
* ૨૪ કલાક પાણી,
* MGL ગેસ લાઈન,
ખરેખર રસ ધરાવનાર સંપક કરે :
**93222 19263**

**Oberoi Eternia**

3 BHK Unfurnished/ Semi-Furnished, Ready to move in apartments available for Sale/Rent. Contact : **9224944922, 9833726529** 6697 (1383)

2 BHK વેચાણમાં દેવીદયાલ 1.60 Cr, એનથુરિયમ 2 Cr. ફનિશ્ડ, તિરૂમલા 2.15 Cr. ફનિશ્ડ, સર્વોદય 1.90 Cr. પાંચરસ્તા 1.60 Cr, તાંબેનગર 1.70 Cr. **9821667946** 6309 (1355)

3 BHK વેચાણમાં દેવીદયાલ 2.85 Cr, તિરૂમલા 3 Cr, તાંબેનગર 2.70 Cr **9821667946** 6309 (1355)

ભાડેથી ઉપલબ્ધ 2 BHK, 3 BHK દેવીદયાલ, પાંચરસ્તા, વર્ધમાન નગર, સર્વોદય **9821667946** 6309 (1355)

રૂનવાલ પ્રાઈડ, આર.મોલ 2 BHK વેચાણથી એરિયા 700 કારપેટ. **નિલેશ : 93239 01171, 87798 97074** 632 (1401)

**Oberoi Enigma**

3 BHK / 4 BHK Unfurnished/Semi-Furnished, Ready to move in apartments available for Sale/Rent. Contact : **9224944922, 9833726529** 6698 (1383)

Follow us on
/gurjarmat
Website :
www.gurjarmat.com

## ધંધાદારી

**સિલ્વર પ્લેટેડ ગિફ્ટ આર્ટીકલ**

નવરાત્રીમાં દીકરીઓ માટે સિલ્વર પ્લેટેડ ગિફ્ટ આર્ટીકલ અને ફેન્સી પાયલ માટે પધારો ઓમ કલેક્શન આસ્થા હોસ્પિટલની આગળ, પટેલ જનરલ સ્ટોરની સામે, આગ્રા રોડ મુલુંડ કોલોની (વેસ્ટ) સંપર્ક : **9372330750 / 7021213771** 6311(1356)

## જગ્યા સંબંધી

વનબેડ આંબેડકર રોડ 89, પી.કે.રોડ માસ્ટર બેડ ફ્લેટ 1.08, વી.પી.રોડ પાર્કીંગ, OC માસ્ટર બેડ 130/૨ બેડ આંબેડકર 145, જે.એન. રોડ (160, 140 સુધી શક્યતા) એલ.બી.એસ. 135 દેવીદયાલ ક્રોસ રોડ નવા ટાવરમાં હાયર ફ્લોર, બધી જ એમેનીટીઝ, રેમ્પ પાર્કીંગ સાથે 185/૩ બેડ હાયર ફ્લોર યુજેબલ 1100 (260, 240 શક્યતા)/૪ બેડ 1750 (4 CR શક્યતા) ૨ પાર્કીંગ/ઈન્ડ.યુનીટ ગ્રા. 1135+180, 2500, 275 બન્ને યુનીટ વેચાણથી/270 ફૂટ 170 દુકાન વેચાણથી સ્ટેશન નજીક/ભાડે લેવા આપવા. તેમજ ફાયદાથી ઘણા ઓપશન છે. વેચાણ બ્રોકરજ ૧%, ભાડે મીનીમમ ૧ મહિનાની. **સંપર્ક : અતુલ કતીરા - 9821180931, 8779441915** 131 (1382)

## લગ્ન સંબંધી

**પૂજા મેરેજ બ્યુરો**
**મેળાપથી હસ્તમેળાપ સુધી**

ગુજરાતી, જૈન, કચ્છી, ભાનુશાલી સમાજના યુવક-યુવતીઓ માટે જીવનસાથી મેળવવાનું એકમાત્ર સ્થાન. દીકરીઓ માટે ફ્રી રજીસ્ટ્રેશન સંપર્ક : **88283 52585** કરી તમારા જીવનસાથીની શોધ પુરી કરો. 1227 (1376)

**For Advertise 9322257731**

## મહિલા માટે

**ઘરઘંટીનો ભવ્ય શોરૂમ**

૮ વર્ષની ગેરેંટી દરેક પ્રકારની ઘરઘંટી ISI-ISO Service તથા Spare Available **Bhavana Sales / Service** Shop No. 55, Lalan Bldg., P.K. Road, Opp.Manoranjan Showroom, Panch Rasta, Mulund (W). **25933413, 9820055816** 1090 (1370)

*લીલાં બનશે*
*અબોલાના રંગ તો*
*મિલન પછી.*

*મેંદીમાં ભાવ*
*છે, ભેદભાવ નથી*
*જાતિનો એમાં.*

*ફસાઈ જશો*
*ચિંતાની જાળમાં? છે*
*ચિતા સમાન.*

*ફળ ઉગશે*
*ઝેરી, વાવશો બીજ*
*નફરતના.*

*ચંદ્ર ને તારા :*
*રૂપેરી ફૂલો ખીલ્યાં*
*નભ બગીચે.*

*તું સમાઈ જા*
*મનના નિર્ઝરમાં*
*જળ સ્વરૂપે.*

*પ્રીતના મુખે*
*વિશ્વાસનો તારક*
*ચમકવાનો.*

*ચૂલો ઠંડો : ક્યાં*
*બઝાય ગરીબના*
*પેટની આગ?*

*વર્ષા ઝુમીને*
*આવ તું, આ મનને*
*થિરકાવવા.*

**હાઈકુ**



કવિયત્રી
મંજુલા રાંભિયા

Click Here

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

વર્ષ : ૨૭ • અંક : ૩૯ • સળંગ અંક : ૧૩૫૫ • મુંબઈ • બુધવાર • તા.૧૬ ઓક્ટોબર – ૨૨ ઓક્ટોબર ૨૦૨૪ • કુલ પાના ૧૬+૧૬=૩૨ • કિંમત રૂ.૫.૦૦



પોસ્ટ ખાતાની વિવિધ બચત તેમજ વીમા યોજના માટે

- કિસાન વિકાસ પત્ર (KVP)
- નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ (NSC)
- મન્થલી ઈન્કમ સ્કીમ (MIS)
- રીકરીંગ ડિપોઝીટ (RD)
- સુકન્યા યોજના વિગેરે માટે

રાજલ જીગર ચંદે 9920014863

અન્નદાન – મહાદાન

આઈડીયલ હોમ વેલફેર ચેરીટેબલ ટ્રસ્ટ®

@ હેપી ફ્રીજ

સંપર્ક : 79771 17894





METRO GROUP

SARASWATI PARADISE

Only 'SETTLE' for the most exclusive

Book your dream home today and experience a lifestyle of comfort and luxury! Saraswati Paradise offers world-class amenities, designed to elevate your everyday living.

Saraswati paradise MULUND WEST

PREMIUM 2 & 3 BHK HOMES

Zaver Road, Mulund West

+91 88 2890 0009

www.saraswatiparadise.in

Site Address: Saraswati Paradise, at Zaver Road, Mulund West - 400080

uptown ADVISORY

Disclaimer: The plans, specifications, images and other details herein are only indicative and the developers reserve their rights to change any or all of these in the interest of the development. The printed material does not constitute an offer and or contract of any type between the developer and the recipient. Any purchase/lessee of this development shall be governed by the terms and conditions of the agreement for sale/lease entered into between parties and no detail mentioned in this printed material shall in any way govern such transaction.

MahaRERA Registration No.: P51800051636


Click Here

(સ્થાપના ૧૯૫૫)
રજી.નં. એ-૨૬૫૮ તા. ૧૬-૧-૬૪

# શ્રી જલારામ સત્સંગ મંડળ - મુલુંડ

પ્લોટ નં.૫૭૫, એ/૩, સેવારામ લાલવાની રોડ,મુલુંડ(વે). 78 7373 1515

Email : jalaramsatsangmandalmulund@gmail.com / **Website** : www.jalarammandirmulund.org



**તો ચાલો, આપણે સાથે મળીએ**

**જાહેર આમંત્રણ**

# ૨૨૫મી જલારામ જયંતિ

ખુબજ ભવ્યથી ભવ્ય, ધામધૂમથી ઉજવીએ અને તે પણ મુલુંડકરોના જાણીતા વિશાળ

## રિચર્ડસન અને ક્રુડાસ ગ્રાઉન્ડ માં

**એલ.બી.એસ.માર્ગ અને ભક્તિ માર્ગનું જંકશન, બાલરાજેશ્વર મંદિરની સામે, મુલુંડ વેસ્ટ, મુંબઈ - ૪૦૦ ૦૮૦.**

**કાર્યક્રમની રૂપરેખા**

**સંતવાણીનો સુંદર સંગીત મઢ્યો કાર્યક્રમ**

**ગુરૂવાર, તા.૭-૧૧-૨૦૨૪ના સાંજના ૭ વાગ્યાથી ... એક શામ શ્રી જલારામ બાપા કે નામ....**

**શ્રી ઉમેશ બારોટ તથા સાથી કલાકારો દ્વારા ભજન-રાસ-ગરબા-સંતવાણી**

**સૌજન્ય : શ્રી મનોજભાઈ કોટક**

## શોભાયાત્રા : શુક્રવાર, તા.૮-૧૧-૨૦૨૪ના

અરે હા; બાપાનો જન્મદિવસ હોય અને શોભાયાત્રા તો હોય જ ને... સવારના ૮ વાગ્યાથી શ્રી જલારામ બાપાના મંદિરથી એસ.એલ. રોડ, આર.આર.ટી. રોડ, મહાજનવાડી, સ્ટેશન રોડ, શ્રી મારૂતિ મંદિર, એન.એસ. રોડ, મહાપરિષદ ગલી, અંબાજી ધામ, ભક્તિમાર્ગ થઈ રિચર્ડસન ક્રુડાસ સુધીની શોભાયાત્રામાં સામેલ થઈ શોભા વધારીએ તો આ મોકો ચૂકશો નહીં. દાયકાઓ બાદ આવેલી તકને ઝડપી લઈએ.

**આરતી : સવારના ૧૦ વાગે • સંધ્યા આરતી રાત્રે ૮ વાગે**

**શ્રી જલારામ બાપાના દર્શન તથા પ્રસાદ સવારના ૧૦ થી આખો દિવસ, અન્નકોટ દર્શન : સવારના ૧૦ થી**

**બાપાની ખીચડી કઢીનો મહાપ્રસાદ સવારના ૧૧ થી બપોરે 3.30 સુધી**

**મહાપ્રસાદના દાતાશ્રી : સ્વ.શિવજી શંભુરામ રૂપારેલ હસ્તે કેતનભાઈ શિવજી રૂપારેલ, ગામ બરંદા હાલે અંજાર**

આ ૨૨૫મી જલારામ જયંતી ભવ્ય ભાવથી ઉજવીએ અને આપણા મુલુંડ ને શ્રી જલારામ મય બનાવી દઈએ.

ખાસ નોંધ : જે સોસાયટીમાં સવારના જલારામ જયંતિ ઉજવતા હોય તો ચાલો આપણે સાથે મળીને જલારામ જયંતિ એક જ જગ્યાએ ઉજવીએ અને પ્રસાદ પણ સાથે લઈએ

**અમારી સંસ્થાનો સંપર્ક કરો - યોગેશ : 9920255446, જિતેન્દ્ર : 9820367387, ચેતન : 9969351011, ભાવેશ : 8850055744 કરો.**

જય અંબે માં

શ્રી બાલરાજેશ્વર મહાદેવ પ્રસન્ન

અંબે માં અને બાલરાજેશ્વર બાપા ની અસીમ કૃપા થી

**જય અંબે માં ચેરીટેબલ ટ્રસ્ટ મુલુંડ મુંબઈ**

દ્વારા આયોજિત રજી નંબર: E-0038476

## મુલુંડ નગરી મા પ્રથમ વખત

પ. પૂ. શ્રી જીગ્નેશદાદાના શ્રીમુખ થી

# શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ

કથા પ્રારંભ : કારતક સુદ આઠમ ૯/૧૧/૨૦૨૪

કથા વિરામ : કારતક સુદ પૂનમ ૧૫/૧૧/૨૦૨૪

સમય: બપોરે ૩:૩૦ થી સાંજે ૬:૩૦

કથા સ્થળ: રિચર્ડસન એન્ડ ક્રુડાસ (૧૯૭૨) લિમિટેડ, લાલ બહાદુર શાસ્ત્રી માર્ગ, બાલરાજેશ્વર મંદિર ની સામે , મુલુંડ (પશ્ચિમ) મુંબઈ ૪૦૦૦૮૦

Bank Details: Canara Bank AC: 120026143233
IFSC: CNRB0000226

ચેરિટેબલ ટ્રસ્ટને આપેલા ડોનેશન ઇન્કમ ટેક્સ એક્ટ ૮૦જી હેઠળ કરમુક્ત છે



વક્તા: પ. પૂ. શ્રી જીગ્નેશદાદા (રાધે રાધે)

**Click Here**

Yogi Hills-Mulund West
Available 2 BHK For Sale
Fully Furnished Flat
Without Electronic Items.
Full Flat Garden Facing
Carpet : 610' Sq.Feet
Payment - Full Cheque
If Required we sending
Photos and Videos.
Owner : Sanjay Thakker
9833726529, 9223358545

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

PRIME PEST CONTROL
BMC Approved
Pest Control &
Also Services For
Mosquito & Bird Netting
TO BOOK YOUR SERVICE
80705 23555 / 666 / 777 / 888 / 999
primepestcontrolserve@gmail.com
www.primepestcontrolservices.com
Branch : Mulund (West), Mumbai - 400 080.
Head Office : Dadar (West), Mumbai - 400 028.

વર્ષ : ૨૭ ● અંક : ૩૯ ● સળંગ અંક : ૧૩૫૫ ● મુંબઈ ● બુધવાર ● તા.૧૬ ઓક્ટોબર – ૨૨ ઓક્ટોબર ૨૦૨૪ ● કુલ પાના ૧૬+૧૬=૩૨ ● કિંમત રૂ.૫.૦૦

ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
1st July - 31st December 2024
STAMP FRANKING Now Available
With LOWEST INTEREST Rates,
we are still very much Co-operative
TRADE LOAN
LOAN AGAINST PROPERTY
MORTGAGE LOAN
COMMERCIAL (CRE)LOAN
*8.49% (p.a.)
HOUSE REPAIR
PRE OWNED CAR LOAN
MACHINESE LOAN
COMFORT (CONSUMER DURABLE)
*ROI linked to the CIBIL score.
Terms & conditions apply
Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083
Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385
Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656
SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
Toll Free : 1800 221 984
Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)
SADA AAPKE SANG, ARIHANT
www.arihantbank.com
@ Arihant Bank
Click Here

# શ્રી કચ્છી લોહાણા મહાજન ટ્રસ્ટ મુલુંડ દ્વારા ૪૯મા વર્ષે નવરાત્રીનું સફળ આયોજન સંપન્ન

શ્રી કચ્છી લોહાણા મહાજન ટ્રસ્ટ મુલુંડ દ્વારા છેલ્લા ૪૮ વર્ષથી માતાજીની સ્થાપના મહાજનવાડી-મુલુંડ મધ્યે થાય છે. આ વર્ષ ૪૯મું વર્ષ હતું. આ વર્ષે પણ પારંપારિક પધ્ધતિથી બુધવાર, તા.૨ ઓક્ટોબરના અમાસના સાંજે ગરબા તથા માતાજીની સ્થાપના ધૂપ-આરતી-પૂજા દ્વારા કરવામાં આવી.

આસો સુદ એકમથી દશેરા સુધી દરરોજ પૂજા પ્રારંભ ૭ કલાકે, પ્રથમ આરતી ૮ કલાકે, રાસ ગરબાની રમઝટ ૮.૧૫ કલાકે, દ્વિતીય આરતી ૧૦ કલાકે કરવામાં આવતી પૂજા અને આરતીમાં દરરોજ સમાજના બેથી ત્રણ જોડલાઓ પૂજા કરવાનો લાભ લેતા હતા.

શુક્રવાર, તા.૪ ઓક્ટોબરના ચંદ્રદર્શન હોવાથી દરિયાસ્થાન હોલમાં ૭.૩૦ ધૂપ-આરતી કરવામાં આવી.

ગુરૂવાર, તા.૧૦ ઓક્ટોબર એટલે સાતમના દિવસે ત્રિવેણી સંગમ યોજાયો એમાં આરતી-હરિફાઈ, પૂર્વા ફાઉન્ડેશન (ઈસ્ટ)ના સ્પેશિયલ બાળકોનું ગરબા રાઉન્ડ અને પ્રકાશ ચંદે અને સાથી કલાકારોનું કરાઓ કે પર ગરબા-સંગીત આયોજન કરવામાં આવ્યું હતું.

આરતી હરિફાઈમાં આશરે ૧૫૦ થી વધુ જણે આરતીની થાળી વિવિધ રીતે શણગારી ભવ્ય તૈયારી કરી ભાગ લીધો હતો. એમાં ૨૫ થાળીઓને ઈનામ આપવામાં આવ્યા. નિર્ણાયક તરીકે મીનલ દાવડા, અવનીબેન ઠક્કર તથા હંસાબેન કારીયાએ સેવા આપી હતી.

પૂર્વા ફાઉન્ડેશન દ્વારા વાલીઓ સાથે આવેલ બાળકોએ બનાવેલી કલાકૃતિનું પ્રદર્શન પણ રાખવામાં આવ્યું હતું તેમજ તેમને ગરબા રમાડી અલ્પાહાર કરાવી વિશેષ ભેટ આપવામાં આવી અને સાથે પ્રકાશ ચંદે અને સાથી કલાકારોની ધૂન પર ખેલૈયાઓ મન મુકીને રમ્યા હતા.

આઠમના બપોરે ૪.૩૦ વાગે હવનની શરૂઆત થઈ. સાંજે ૬.૩૦ વાગે નારિયેળ હોમ વિધિ બાદ ૨૦૧ બાલિકાનું કન્યા પૂજન કરી તેમને ભેટ આપવામાં આવી. હવનમાં સમાજના ઘણા જ લોકોએ દર્શન અને અલ્પાહારનો લાભ લીધો હતો.
















નવરાત્રી દરમ્યાન દરરોજ ૮.૩૦ થી ૧૦.૦૦ દાંડિયા હરિફાઈનું રાઉન્ડ રાખવામાં આવ્યું હતું. જેમાં દીપા સેજપાલ અને નીતા ઠક્કરે નિર્ણાયકની ભૂમિકા ભજવી હતી અને એ દરમ્યાન બ્યુટીશીયન અર્ચના ઠક્કર દ્વારા દરરોજ આઠથી દસ વાઉચર આપવામાં આવ્યા હતા.

દશેરાના સાંજે પૂજા આરતી બાદ ૮.૧૫ થી ૧૦ કલાકે દરમ્યાન દાંડિયા રાસ રમઝટની ફાઈનલ હરિફાઈ રાખવામાં આવી હતી. જેમાં પ્રકાશ ચંદે અને સાથી કલાકારો દ્વારા ઉત્તમ સંગીત પીરસવામાં આવ્યું હતું. હરિફાઈમાં ખેલૈયાઓએ ખૂબજ ઉત્સાહથી ભાગ લીધો હતો. શ્રીજી જવેલર્સના અર્પિત ઠક્કર તરફથી ૧૫ ગોલ્ડ સિક્કા, મહાજન તરફથી ૧૦ ઈનામ અને અર્ચના ઠક્કર તરફથી ૧૫ વાઉચર એમ ૪૦ ઈનામો આપવામાં આવ્યા. ગ્રાન્ડ ફિનાલેના નિર્ણાયક તરીકે ડૉ. ચારૂલ ઠક્કર, યોગેશ ઠક્કર અને મિનલ સેજપાલે હતા. પ્રકાશ ચંદે અને કલાકારોનું સંજય સોની અને શીલા સોની જેમણે નવરાત્રી પૂર્વે એક મહિનામાં આઠ કલાસ લઈ ખેલૈયાઓને ગરબા શીખવાડવા અથાગ મહેનત કરી હતી.

સમગ્ર નવરાત્રીમાં નિર્ણાયકની ભૂમિકા ભજવનાર દીપાબેન સેજપાલ તથા નીતાબેન ઠક્કરને પણ ભેટ સાથે શાલ દ્વારા સન્માન કરવામાં આવ્યું. અર્પિતભાઈ ઠક્કર અને અર્ચનાબેન ઠક્કરનું પણ ભેટ શાલ આપી સ્વાગત કરવામાં આવ્યું.

નવરાત્રી દરમ્યાન દરરોજ ભાવિક ભાઈ બહેનો અને ખેલૈયાઓ માટે અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવી હતી.

આજે શરદપૂર્ણિમા બુધવાર તા.૧૬ ના સાંજે પાંચ વાગે સત્યનારાયણ કથા તથા દૂધ પૌઆ પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો દરેક જણે લાભ લેવા પધારવાનું શ્રી કચ્છી લોહાણા મહાજન મુલુંડના ટ્રસ્ટીઓ તરફથી આમંત્રણ છે.

Click Here

2 BHK Available
For Sale Mulund West
Neelam Senroof Society,
Carpet 800, 2 BHK,
Fully well furnished flat
with Parking.
Available to see on
request Interested people
Please call on
9082041567
8928612125



# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26



Kinjal
કિંજલ ફૂડ
વિદેશમાં ઉપયોગી
રેડી ટુ ઈટ, ડીહાઈડ્રેટેડ,
ફ્રીઝડ્રાઇડ, ફ્રોઝન ફૂડ
માટે વ્યાપારી પૂછપરછ આવકાર્ય
તેમજ ભારતમાં પ્રવાસ દરમિયાન
ટ્રેન-એરપોર્ટ ઉપર
ફ્રેશ જૈન વેજ / સાત્વિક ફૂડ
92215 06127
website : www.kinjalfood.com



વર્ષ : ૨૭ ● અંક : ૩૯ ● સળંગ અંક : ૧૩૫૫ ● મુંબઈ ● બુધવાર ● તા.૧૬ ઓક્ટોબર - ૨૨ ઓક્ટોબર ૨૦૨૪ ● કુલ પાના ૧૬+૧૬=૩૨ ● કિંમત રૂ.૫.૦૦


## મહારાષ્ટ્ર અને ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણીનો શંખનાદ ફૂંકાયો

# મહારાષ્ટ્રમાં ૨૦મી નવેમ્બરે મતદાન, ૨૩મીએ મતગણતરી

### મુખ્ય ચૂંટણી કમિશ્નર દ્વારા મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભા ચૂંટણીની ઘોષણા

ગઈ કાલે મંગળવાર તા. ૧૫ ઓક્ટોબરના નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં યોજાએલી પ્રેસ કોન્ફરન્સમાં મુખ્ય ચૂંટણી કમિશ્નર રાજીવ કુમારે મહારાષ્ટ્ર અને ઝારખંડની વિધાનસભાઓ માટે ચૂંટણીની તારીખો જાહેર કરી હતી. સંપૂર્ણ મહારાષ્ટ્રમાં એક જ તબક્કામાં વિધાનસભાની ચૂંટણી તા.૨૦મી નવેમ્બર ૨૦૨૪ના યોજાશે અને મત ગણતરી તા.૨૩મી નવેમ્બરના કરવામાં આવશે.

ઝારખંડ વિધાનસભાની ચૂંટણી બે તબક્કામાં ૧૩મી નવેમ્બર અને ૨૦મી નવેમ્બરના યોજાશે અને મત ગણતરી ૨૩મી નવેમ્બરે થશે. ચૂંટણી કાર્યક્રમની જાહેરાત સાથે જ આજથી જ મહારાષ્ટ્રમાં ચૂંટણીનીઆચારસંહિતા લાગુ થઇ ગઈ છે.


(અનુસંધાન ૯મા પાને)



Sheth Montana
3 BHK
Flat for Sale
Package Price
2.80 cr
9987700940
7977885488

જૂનામાંથી નવુ
+ ક્રિએટીવ પિસ
રોજનું નવું-નવુંને ટ્રેન્ડી પીસ પહેરવું ગમે છે પણ કબાટમાં ઘસારો બહું છે તો જૂનામાંથી નવું ઉથલપાથલ કરી નવું કંઈક બનાવીએ. સાડી, સેલા, બાંધણી બધામાંથી નવી સાડી, ચણિયા ચોલી, ઈન્ડો વેસ્ટર્ન બનાવડાવો. ડીઝાઈનર બ્લાઉઝમાં પરફેક્ટ ફીટીંગ ફીનીશીંગ સાથે રીઝનેબલ રેટની ગેરેન્ટી.
હેતલ શાહ
98210 59549

ધર્મેશ પ્રોપર્ટી ઘેટીવાલા
મુલુંડ સ્ટેશનની બાજુમાં નવું બિલ્ડીંગ
1 BHK 92 લાખ, 400 Ft.
1 BHK 94 લાખ, 413 Ft.
2 BHK 1.36 to 1.40 કરોડ 594 Ft.
8169222044

શ્રી વિમલ એસ્ટેટ-મુલુંડ
વર્ધમાનનગર પાસે
4 BHK ટેરેસ
સાથે અને 3 BHK
9819864456
8104009694






The Palace Banquets, Vikas Centre, N.S Road, Mulund West

Click Here

# શું મધને ગરમ પાણી સાથે લેવું જોઈએ?



## સ્વાસ્થ્ય સુધા

લેખક
રીટા જૈન
9819070772
DIETICIAN
(Msc. In food science and diatetics), specelization in Diebeties educator, yoga and wellness coach.

મધ ગરમ પાણી સાથે ન લેવું જોઈએ તેવી માન્યતા પરંપરાગત આરોગ્ય પ્રથાઓ અને કેટલાક વૈજ્ઞાનિક પુરાવા બંને પર આધારિત છે. મુખ્ય ચિંતા મધના ફાયદાકારક રસાયણોના સંભવિત વિઘટન (degradation) અને ગરમ પાણીને લીધે ઊંચા તાપમાને હાનિકારક પદાર્થોની રચનાથી ઊભી થાય છે.

**વિહંગાવલોકન અને ચિંતાઓ:**

**૧. પોષક તત્વોનું વિઘટન :** મધમાં વિવિધ ઉત્સેચકો (એન્ઝાઈમ્સ), એન્ટીઑકિસડન્ટસ અને પોષક તત્વો હોય છે. મધને અમુક તાપમાન કરતાં વધુ ગરમ કરવાથી તેના ફાયદાકારક એન્ઝાઈમ્સ નો નાશ થાય છે, તેના પોષક અને રોગનિવારક મૂલ્યમાં ઘટાડો થાય છે. નિર્ણાયક તાપમાન સામાન્ય રીતે ૪૦ ડિગ્રી સેલ્સિયસ (૧૦૪ ડિગ્રી ફેરનહાઈટ)ની આસપાસ માનવામાં આવે છે.

**૨. હાઈડ્રોક્સીમિથાઈલફરફ્યુરાલ** (HMF) **ની રચના :** જ્યારે મધને વધુ પડતું ગરમ કરવામાં આવે છે, ત્યારે તે હાઇડ્રોક્સીમિથાઈલફરફ્યુરાલ (એચએમએફ) નામનું રસાયણ ઉત્પન્ન કરી શકે છે. મોકેએચએમએફ ઘણા ખોરાકમાં કુદરતી રીતે જોવા મળે છે, તેનું ઉચ્ચ સ્તર અનિચ્છનીય છે. કેટલાક અભ્યાસો સૂચવે છે કે ઉચ્ચ એચએમએફ સ્તર ઝેરી હોઈ શકે છે અથવા સંભવિત કેન્સરજનક (કાર્સિનોજેનિક) ગુણધર્મો ધરાવે છે.

**૩. પરંપરાગત અને આયુર્વેદિક દષ્ટિકોણ:** આયુર્વેદમાંએવું માનવામાં આવે છે કે મધને ગરમ કરવાથી તેના કુદરતી ગુણો બદલાય છે, જે તેને સંભવિત રીતે ઝેરી બનાવે છે. આ પરંપરાગત પ્રણાલી અનુસાર, તેના ઉપચારાત્મક ગુણધર્મોને જાળવી રાખવા માટે મધને હમેશા હૂંફાળા અથવા ઓરડાના તાપમાને (room temperature) પાણી સાથે લેવું જોઈએ.

**સંશોધનના તારણો:**

**૧. એચએમએફનીરચના પર અભ્યાસ**

જર્નલ ઑફ ફૂડ સાયન્સમાં પ્રકાશિત થયેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે મધને ઊંચા તાપમાને (૬૦° સેન્ટીગ્રેડથી ઉપર) ગરમ કરવાથી એચએમએફના સ્તરમાં નોંધપાત્ર વધારો થાય છે. અભ્યાસમાં તારણ કાઢવામાં આવ્યું છે કે મધની ગુણવત્તા અને સલામતી જાળવવા માટે ઊંચા તાપમાને લાંબા સમય સુધી ગરમ કરવાનું કે સંગ્રહ કરવાનું ટાળવું જોઈએ.

**૨.એન્ઝાઈમ્સનીકાર્યશક્તિ**

ફૂડ કેમિસ્ટ્રીમાં પ્રકાશિત થયેલા સંશોધનો દર્શાવે છે કે મધને ૪૦ ડિગ્રી સેલ્સિયસથી ઉપર ગરમ કરવાથી એન્ઝાઇમની કાર્યશક્તિમાં નોંધપાત્ર ઘટાડો થાય છે, ખાસ કરીને ગ્લુકોઝ ઓક્સિડેઝ અને ડાયસ્ટેઝએન્ઝાઇમ્સમાં, જે મધના એન્ટીબેક્ટેરિયલ ગુણધર્મો માટે નિર્ણાયક છે.

**૩.ઝેરીપણું (Toxicity) અને સલામતી**

જોકે માનવ વપરાશ માટે સાધારણ ઊંચા તાપમાને ગરમ કરવામાં આવતા મધનું ઝેરીપણું સાબિત કરતા કોઈ પ્રત્યક્ષ અભ્યાસ નથી, પરંતુ કેટલાક પ્રાણીઓ ઉપર કરાયેલા અભ્યાસો સૂચવે છે કે એચએમએફનું વધુ પડતું સેવન નુકસાનકારક હોઈ શકે છે. જો કે, આ અભ્યાસોમાં ચકાસાયેલ સ્તરો કરતાં આપણા સામાન્ય આહારમાં એચેમએફ પ્રમાણ ઘણું ઓછું છે.

**ભલામણો:**

વધુ પડતી ગરમી ટાળો: મધના ફાયદાકારક ગુણધર્મોને જાળવવા માટે, તેને ઉકળતા પાણીમાં ઉમેરવાનું ટાળો. તેના બદલે, હુંફાળા અથવા ઓરડાના તાપમાને પાણીનો ઉપયોગ કરો.

**સંગ્રહ:** કુદરતી વિઘટનને રોકવા માટે સીધા સૂર્યપ્રકાશથી દૂર ઠંડી, સૂકી જગ્યાએ મધનો સંગ્રહ કરો.

**વપરાશ:** જો ગરમ પીણાંમાં મધનો ગળપણ તરીકે ઉપયોગ કરવામાં આવે, તો પીણું ઉમેરતા પહેલા થોડું ઠંડું થાય ત્યાં સુધી રાહ જુઓ.

**નિષ્કર્ષ:**

જોકે મધને મધ્યમ તાપમાને ગરમ કરવાથી સ્વાસ્થ્ય માટે નોંધપાત્ર જોખમો ન હોઈ શકે, છતાં ઊંચું તાપમાન તેના ફાયદાકારક ઘટકોનું વિઘટન કરે છે અને એચએમએફજેવા સંભવિત હાનિકારક રસાયણોનું સ્તર વધારી શકે છે. મધમાંથી મળતા સ્વાસ્થ્ય લાભોને વધારવા માટે, તેને હૂંફાળા અથવા ઓરડાના તાપમાને પાણી સાથે પીવું શ્રેષ્ઠ છે.

PART TIME JOB
IN MULUND
A REPUTED MNC REQUIRE
Retired / VRS / House Wives / Senior Citizen to Start Second Innings
Age 30 to 70 Years
Earn Rs.30,000 to 1,00,000+
PF + Medical + Foreign Tour
Call: 98199 11819

Flats For Sale In Redwood, Mulund West
2.5 BHK
Area - 1160 sq ft built up
Approx 930 Sq.ft carpet
Price - 2 Cr, Parking available
1 BHK
Area - 575 Sq.ft Built up
Approx 450 Sq ft Carpet
Price - 1.0 Cr,
Parking Not available
2 BHK
Area - 945 Sq ft Built up
Approx 725 Sq ft carpet
Price - 1.6 Cr, Parking available
9082041567
8928612125

Follow us on
/gurjarmat
Website :
www.gurjarmat.com

MITA
SPA AND SALON
Presents
DIWALI
SPECIAL OFFER
RS.499/-
BLEACH
CLEANUP
FULL HAND WAX
U.ARMS
RS.599/-
EYEBROW
UPPER LIPS
U. ARMS WAX
HAND WAX
HAIR CUT
RS.1000/-
THREADING
UPPER LIPS
FORHEAD
D-TAIN
GLOW FACIAL
WAX
(FH+HL+UA)
RS.1200/-
THREADING
U.LIPS
FORHEAD + SHINER
GOLD FACIAL
WAX
(FH+UA+HL)
FULL BACK
POLISHING



Venue: 2, Ground Floor, Shriniwas Building, RHB Road, opp. Nalanda Building, Mulund West.
Contact Us On: 098199 53534



Nikita Yadav
Mob.: 7021817988
NIKITA MEHENDI
Indian Mehendi
Arabic Mehendi
Floral Mehendi
Home Service Available

8879753249 / 9323953249
Roxy®
Since 1967
ISO 9001 : 2015 certified
LIBRARY
PRESERVING THE HABIT OF READING
Just Pay Rs. 500/-
Read as many Books as you want*
Shop No. 21, Trivrdi Tower, J. N. Road, Station Road, Mulund (West), Mumbai - 400 080.
Follow On Instagram
@roxytoylib @roxybooksandlibrary
** Our Branches Mulund / Thane / Dadar

Click Here

# મહારાષ્ટ્રમાં ૨૦મી નવેમ્બરે મતદાન... (૭મા પાનેથી ચાલુ)

આ ચૂંટણીઓ અંગે વધુ વિગતો આપતાં રાજીવ કુમારે કહ્યું કે ભારત દરેક ચૂંટણીમાં નવો ઈતિહાસ રચી રહ્યું છે. મહારાષ્ટ્ર વિધાન સભાની ૨૮૮ બેઠકો માટે ૫૨,૭૮૯સ્થળોએ ૧,00,૧૮૬મતદાન મથકો ઉપર કુલ ૯.૬૩ કરોડ મતદારો મતદાનની પવિત્ર ફરજ બજાવશે. કુલ ૯.૬૩ કરોડ મતદારોમાં ૪.૯૭કરોડ પુરૂષ અને ૪.૬૬કરોડ મહિલા મતદારો છે. પ્રથમ વખત મતદાન કરનારા યુવા મતદારોની સંખ્યા ૨૦.૯૩ લાખ છે.મહારાષ્ટ્ર આ વખતે પણ અમે PWD અને મહિલાઓ દ્વારા સંચાલિત બૂથ સ્થાપિત કરીશું.

ઝારખંડમાં ૮૧બેઠકો માટે, કુલ ૨.૬કરોડ મતદારો, ૨૦,૨૮૧સ્થળોએ ૨૯,૫૬૨મતદાન મથકો પર મતદાન કરીને પોતાના પ્રતિનિધિને ચૂંટશે. કુલ ૨.૬ કરોડ મતદારોમાં ૧.૨૯ કરોડ મહિલા અને ૧.૩૧કરોડ પુરૂષ મતદારો છે. પ્રથમ વખત મતદાન કરનારા મતદારોની સંખ્યા ૧૧.૮૪લાખ છે.

મહારાષ્ટ્રની વાત કરીએ તો અહીં વિધાનસભાના ૨૮૮વિધાનસભ્યોને ચૂંટવા માટે મતદાન થવાનું છે. રાજ્યમાં છેલ્લી વિધાનસભા ચૂંટણીઓ ઓક્ટોબર ૨૦૧૯માં યોજાઈ હતી, જેમાં ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વ હેઠળના જોડાણ એનડીએને સરકાર બનાવવા માટે સ્પષ્ટ બહુમતી મળી હતી, પરંતુ આંતરિક વિખવાદને કારણે, શિવસેના ગઠબંધન (એનડીએ)નેછોડીને કોંગ્રેસ, રાષ્ટ્રવાદી કોંગ્રેસ અને શિવસેનાએ જોડાઈ હતી. કોંગ્રેસ પાર્ટીએ સાથે મળીને નવું ગઠબંધન કર્યું. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પણ MVA માં જોડાઈને મહા વિકાસ આઘાડી નામનું નવું ગઠબંધન બનાવીને મહારાષ્ટ્રમાં રાજ્ય સરકારની રચના કરી, જેમાં ઉદ્ધવ ઠાકરે મુખ્યમંત્રી બન્યા. ૨૦૨૨ માં મહારાષ્ટ્રમાં રાજકીય સંકટ પછી શિવસેનાના એકનાથ શિંદેએ ૪0ધારાસભ્યો સાથે ભાજપ સાથે જોડાઈને મહાયુતિની સરકાર બનાવી, જેમાં એકનાથ શિંદે નવા મુખ્યમંત્રી બન્યા.૨૦૨૩ની રાજકીય કટોકટી પછી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીનું અજિત પવાર જૂથ પણ મહાયુતિ સરકારમાં જોડાયું છે.

મહારાષ્ટ્રમાં તા.૨૬મી નવેમ્બરના અને ઝારખંડમાં તા.૨૯મી ડિસેમ્બરના રાજ્ય સરકારનો કાર્યકાળ પૂરો થઈ રહ્યો છે. ચૂંટણી કમિશન સરકારની મુદત પૂરી થવાના ૪૫ દિવસ પહેલા આચારસંહિતા લાગુ કરે છે તેથી હવે મહારાષ્ટ્રમાં આચારસંહિતા લાગુ થઇ ગઈ છે.

ચૂંટણી પંચ દ્વારા દેશના વિવિધ રાજ્યોની ૪૮ વિધાનસભા અને બે લોકસભા બેઠકો માટે પેટા ચૂંટણીની જાહેરાત પણ કરવામાં આવી છે. ૧૩મી નવેમ્બરે ૪૭ વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણી યોજાશે. જોકે કેદારનાથ વિધાનસભા પેટાચૂંટણી માટે ૨૦મી નવેમ્બરે મતદાન થશે. આ ઉપરાંત ૨૦મીનવેમ્બરે લોકસભાની બેબેઠકો માટે પેટાચૂંટણી પણ યોજાશે. આ બે લોકસભા બેઠકોમાં કેરળની વાયનાડ અને મહારાષ્ટ્રની નાંદેડ સામેલ છે.

રાજીવ કુમારે વધુમાં જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર અને ઝારખંડમાં નિષ્પક્ષ ચૂંટણી કરાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આ માટે રાજ્ય સરકારના કર્મચારીઓની મદદ લેવામાં આવશે. તમામ મતદાન મથકો મતદારના નિવાસસ્થાનથી બે કિલોમીટરની અંદર હશે. ચૂંટણી એ લોકશાહીનો એક એવો તહેવાર છે જેમાં તમામ મતદારોની ભાગીદારી જરૂરી છે. આ વખતે વિધાનસભાની ચૂંટણીમાં ૮૫ વર્ષથી વધુ ઉંમરના વૃદ્ધ મતદારોને ઘરે બેઠાં મતદાન કરવાની સુવિધા મળશે. આનાથી સ્પષ્ટ થાય છે કે ચૂંટણી પંચ લોકશાહીના ઉત્સવમાં ભાગીદારી વધારવા માટે તમામ શક્ય પ્રયાસો કરી રહ્યું છે.


## મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીનો સંપૂર્ણ કાર્યક્રમ

- ગુરૂવાર, તા.૨૨ ઓક્ટોબર ૨૦૨૪ (ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ થશે)
- ઉમેદવારીપત્રક ભરવાની છેલ્લી મંગળવાર, તા. ૨૯ ઓક્ટોબર ૨૦૨૪
- નામાંકનની ચકાસણી તા.30 ઓક્ટોબર, બુધવાર
- નામાંકન પાછું ખેંચવાની છેલ્લી તા.૧ નવેમ્બર, શુક્રવાર
- મતદાન તા. ૨૦ નવેમ્બર, બુધવાર
- ચૂંટણી પરિણામ તા. ૨૩ નવેમ્બર, શનિવાર








Click Here



# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

જ્યોતિશ વિશારદ્ • વાસ્તુશાસ્ત્રી • જેમોલોજિસ્ટ
સમીર સેજપાલ : ૯૮૧૯૨૯૮૪૦૪ તા.૧૬ ઓક્ટોબર - ૨૨ ઓક્ટોબર ૨૦૨૪

**મેષ (અ,લ,ઈ) :** પ્રિયજન જો મુશ્કેલી ઊભી કરતા હોય તો એમને પ્રેમથી સમજાવાનો પ્રયાસ કરજો, પરંતુ નમતુ ન જોખશો. યોજનાબધ્ધ રીતે કામ કરશો તો સમયનો અસરકારક ઊપયોગ કરી શકશો એમ જણાય છે. નવુ ઘર શોધવાની દોડધામ પછી હવે બે પ્રોપર્ટી પર આખરી પસંદગી ઊતરશે. દેશની અંદર અને વિદેશ પ્રવાસની શક્યતા છે. અચાનક જ નકોરીની ઓફર મળે એથી સંભાવના છે. વારસો, શેર કે અન્ય ઈન્વેસ્ટમેન્ટમાંથી ફાયદો થવાની શક્યતા છે. છેવટે શુભ પ્રસંગો આકાર લેશે. સંબંધીઓને મળવાનું થશે અને સામાજિક જીવન સહેજ રફતાર પકડશે. નાની-મોટી ઈજા સંભવે.

**વૃષભ (બ,વ,ઉ) :** જાતે લાદેલા નિયંત્રણોમાંથી મુક્ત બનવાનું મુશ્કેલ લાગશે. એક મહત્વના સંબંધમાની સમસ્યા ઉકેલાઈ ન હોવાથી મનમાં ગુસ્સો ધૂંધવાતો હશે અને જીવનમાં આગળ વધી શકતા નહી હો એમ દેખાય છે. વિદેશ જવા જેવા પ્રસંગોને કારણે થોડો સમય ઘરથી દૂર રહેવું પડે એવી શક્યતા છે. હોલિડે-પ્લાનની ચર્ચા પ્રિયજન સાથે કરી ન હોવાથી તેઓ નારાજ થઈ શકે છે. કિંમતી ચીજો અને પૈસાની બાબતમાં સાવધ રહેવાની સલાહ છે. ફુરસદમાં સાહિત્ય વાંચશો કે તમારા શોખને આગળ વધારશો તો એનો લાભ મેળવી શકશો. માંદગીના યોગ છે.

**મિથુન (ક,છ,ઘ) :** પ્રિયજન જવાબદારીપૂર્વક વર્તતા ન હોવાથી તમે ધીરજ ગુમાવી રહ્યા છો એમ જણાય છે. અહીં ભાવનાત્મક સંઘર્ષ ટાળવાની ખાસ સલાહ છે. જે બાબતમાં ફેરફાર શક્ય નથી એની પાછળ સમય લગાડીને શું મળશે? મારૂ જો માનતા હો તો જીવનમાં ઉચ્ચ હેતુ માટે ખુદને તૈયાર કરવામાં આ સમયનો ઊપયોગ કરો. જમીન, મકાન કે એકાદ પ્રોજેક્ટ સંબંધમાં મોટો સોદો થઈ શકે છે. માતા-પિતા કે કોઈ વડીલ અસ્વસ્થતા અનુભવે તો તરત ડોક્ટરની સારવાર લેજો. નોકરીમાં બઢતી કે પગાર વધારો મળી શકે છે. પ્રેમમાં હશો તો લગ્ન કરવાનું વિચારી શકો છો.

**કર્ક (ડ,હ) :** ઊંડા આત્મમંથન બાદ વિચારો વ્યક્ત કરવાનો સમય છે. બિઝનેસમાં નવુ સાહસ શરૂ કરવા હાલ યોગ્ય સમય છે. લેણા નીકળતા પૈસા પાછા મળતા ખૂબ રાહત અનુભવી શકશો. તમારૂ સામાજિક જીવન અચાનક સક્રિય બની જશે. એક વિજાતીય વ્યક્તિ અચાનક તમારામાં ખૂબ રસ લેવા લાગશે. ફેમિલીનો એક યુવાન મેમ્બર મનોમન ધૂંધવાઈ રહ્યો છે. તેનું રહસ્ય શોધી કાઢવા પ્રયાસ કરો અને પછી તેને મદદરૂપ બનવા શક્ય એટલા પ્રયત્નો કરો. એમ કરવાથી તેની સાથેના સંબંધો વધુ દ્રઢ બનશે એમ દેખાય છે. અપરિણીતો માટે લગ્નનો યોગ છે. વિદેશ પ્રવાસની શક્યતા છે.

**સિંહ (મ,ટ) :** એક સંબંધમાં ત્રિશંકુ જેવી સ્થિતિ ઊભી થવાની શક્યતા છે એટલે હાલ નરમ અભિગમ અપનાવજો. જ્યારે શું કરવું એની સમજ ન પડતી હોય ત્યારે કંઈ જ ન કરવું બહેતર છે. જીવનનિર્વાહ ઉપરાંત વધુ આવક ઊભી કરી શકશો. પરિવારના એક યુવાન સભ્ય સાથે બિલકુલ દલીલમાં ન ઊતરવાની સલાહ છે. તબિયતનું ધ્યાન રાખવું પડશે અને પૂરતી ઊંઘ લેવાની પણ સલાહ છે. પરણેલા હશો તો સંતાન પ્રાપ્તિની સંભાવના છે. પ્રોપર્ટીમાં રોકાણ લાંબેગાળ લાભદાયી પૂરવાર થશે. જોબ માટેની બે નવી ઓફર મળશે. આ બેમાંથી એકની પસંદગી કરવા સારા મિત્ર તરફથી માર્ગદર્શન મેળવજો.

**કન્યા (પ,ઠ,ણ) :** ધીરજ અને પોઝિટિવ અભિગમ એ તમારી તાકાત છે. વધુ સમજદાર અને સહનશીલ બન્યા છો એટલે પરિવારના સભ્યો સાથેના સંબંધો વધુ સુમેળભર્યા રહેશે. કશુક શુભ બનવાનું છે એવી લાગણી મનમાં થતી રહેશે. હાલના ગ્રહયોગો તમને નવી દિશામાં આગળ વધારશે એમ દેખાય છે. દૈવી શક્તિઓ તમારા સપના પૂર્ણ કરવામાં મદદરૂપ થશે. સામાજિક મેળાવડામાં સમવિચારકો સાથે મુલાકાત થશે. હાલ સમજદારીથી ખર્ચ કરવાની ખાસ સલાહ છે. વાહન લેવાનો વિચાર કરી શકો છો. માતા-પિતાની સંમતિથી લગ્ન કરવા ઈચ્છતા હશો તો પાત્રની પસંદગી કરી શકશો એમ જણાય છે.

**તુલા (ર,ત) :** રોજિંદા જીવનની ટાળી ન શકાય એવી ધાંધલ ધમાલથી દૂર સંપૂર્ણ રિલેક્સ થઈ શકો એવા સ્થળે ચાલ્યા જવાની ઈચ્છા જોર પકડશે. કોઈ દૂરના સ્થળે આરામ કરવા કે ફરવા જવું હોય તો પહેલેથી જ શિસ્તબધ્ધ પ્લાનિંગ કરી લેવાની સલાહ છે. એકાદ નવા સંબંધમાં, સામેની વ્યક્તિ અપેક્ષા મુજબની નહીં હોવાનું સમજાઈ રહ્યું છે. પરિવારના સભ્યો અને પ્રિયજનથી કેટલીક બાબતો તમે ગુપ્ત રાખી રહ્યા છો એમ દેખાય છે. આવી પરિસ્થિતિમાં જલ્દીથી કોઈ મિત્ર કે શુભેચ્છકથી સલાહ લેવાની સલાહ છે. હાલ ખુદના પ્રત્યે પ્રામાણિક રહેશો તો યોગ્ય માર્ગ અવશ્ય મળી જશે. અચાનક શરદી-ખાંસી થવાની શક્યતા છે.

**વૃશ્ચિક (ન,ય) :** શાંત અને સ્વસ્થ રહીને સમસ્યાઓનો સામનો કરી રહ્યા છો. પરંતુ આસપાસની પરિસ્થિતિઓ તમને મૂંઝવી રહી છે એમ દેખાય છે. હાલના સમયમાં પોઝિટિવ બનો અને સમસ્યાઓના ઊકેલ માટે સતત પ્રયત્નશીલ રહો. આમ કરવાથી ચોક્કસ યોગ્ય માર્ગ મળી રહેશે. હાલની વ્યસ્તતા વધુ થોડો સમય ચાલુ રહેશે. પણ તમારે હવે થોડા ધીરા પડવું જોઈએ અને પરિવારના સભ્યો માટે પણ સમય ફાળવવો જોઈએ એવી મારી ખાસ સલાહ છે. પરિવારમાં કોઈ નવા પાત્રના આગમનની શક્યતા છે. પડવા-વાગવાથી ઈજા થઈ શકે છે અને ફેક્ચરની પણ શક્યતા છે. વાહન ચલાવતા સમયે સાવધ રહેજો.

**ધન (ભ,ધ,ફ,ઢ) :** કાર્યસ્થળે કે અંગત જીવનમાં નિર્ણયો લેવામાં મુશ્કેલી અનુભવી રહ્યા છો એમ દેખાય છે. ખચકાટને પરિણામે પ્રણયજીવનમાં કોઈક વ્યક્તિનો સાથ ગુમાવી બેસશો. ખાલી શબ્દોથી કશુ જ નહી વળે. તમે જે કંઈપણ બોલો છો એને પૂર્ણ કરવા સક્રિય પણ બનવું પડશે. તમારા માટે પ્રગતિની ઊજળી તકોની શક્યતા છે. બીજા લોકો પર હવે આધાર ન રાખો. તમારી સર્જનાત્મક શક્તિ પર વિશ્વાસ રાખશો તો આશ્ચર્યજનક પરિણામ મેળવી શકશો. લાંબા સમયથી વેકેશન ગાળવાની ઈચ્છા આગળ જતા પૂરી થઈ શકશે પણ તે માટે પહેલેથી જ પ્લાનિંગ કરી લેવાની સલાહ છે. યુવાનોએ પ્રવાસ કે વિદેશમાં વ્યવસાયની યોજનાને પ્રથમ પસંદગી આપવી જોઈએ.

**મકર (ખ,જ) :** તમારી બડાશની અને મોટાઈ બતાવવાની આદત પ્રિયજનને પસંદ નહી પડે. હાલ ખર્ચ વધી રહ્યો હોય તો પરિવારના સભ્યો સાથે બેસીને ચર્ચા કરી લેવાની સલાહ છે. કોઈ અણધારી ઓફરને પૂરતી તપાસ્યા વિના નકારી ન કાઢો. ભૂતકાળના સંપર્કોથી અલિપ્ત બની જાઓ અને નવા સાહસની તૈયારી પણ કરી દો. કરીઅરમાં મહત્વના પરિવર્તનની જરૂર છે. કાર્યસ્થળે એક ડગલુ આગળ અને એક ડગલુ પાછળ જેવી સ્થિતિ તમને હતાશ બનાવી રહી છે. થોડા વખતમાં જ તમને એક મહત્વનો નિર્ણય લેવો પડશે. એ માટે માનસિક તૈયારી રાખજો. કામકાજ અને પ્રણયજીવન વચ્ચે સમતુલા જાળવવાનો પ્રયાસ કરો.

**કુંભ (ગ,સ,શ,ષ) :** હૈયુ હરખાય અને અંતર પ્રસન્ન બને એવા આનંદમય સંબંધોનો આ સમય છે. કોઈની સાથે સમય વિતાવવાની જે તક મળી છે એને જરા પણ ચિંતા કર્યા વિના ભરપુર માણી લો. તમે જેને મહત્વની ગણતા હશો તેવી વ્યક્તિને મદદની જરૂર છે. તેઓ સ્વમાની હોવાથી સીધી મદદ નહી માગે. આથી અણસાર મળતા જ સમજી જજો કે તેમને ખરેખર તમારા મદદની જરૂર છે. ઈન્વેસ્ટમેન્ટની બાબતમાં કોઈક તમને લોભામણી ઓફર કરે એવી શક્યતા છે. મિલકતનું વેચાણ, જમીનની ખરીદી માટે ઊજળા સંજોગો છે.

**મીન (દ,ચ,ઝ,થ) :** જીવનસાથીની જરૂરિયાત સમજીને ચાલવાનો સમય છે. આમ કરશો તો લગ્નજીવનમાં સ્થિસ્તા આવશે અને પ્રેમની ગાંઠ મજબૂત બનશે એમ જણાય છે. ન બોલ્યામાં નવ ગુણ એ કહેવત જીવનમાં ઊતારો એવી મારી સલાહ છે. તમને જે પણ લાગે એ કામ પાર પાડવા તમે ભલે આક્રમક રીતે મંડી પડો છતા અત્યારે પરિણામ જોવા નહીં મળે. હળવે હલેસે આગળ વધશો તો જ લાભ થશે એમ દેખાય છે. આ રાશિની અપરિણીત વ્યક્તિ માટે લગ્ન યોગ શરૂ થઈ ગયો છે. તમારામાંથી ઘણા ખરા ઘરથી જુદા થવાનું વિચારી શકે છે. અચાનક યાત્રાના યોગ છે. તબિયતનું ધ્યાન રાખો અને આહારમાં પ્રમાણ જાળવો, સમજ્યાને?

## મુલુંડ કવિઓ સમાજ દ્વારા ફુડ ફિસ્ટાનું આયોજન

મુલુંડની સમગ્ર સમાજની બહેનો સૌથી આગળ જ હોય. પરિવાર હોય કે સમાજ સૌને ખુશ રાખવામાં જ મગ્ન હોય, દરેક પોતાના ઘર પરિવારને ખુશ રાખવા માટે અવનવી વાનગીઓ તો જરૂર શીખશે.

ટેસ્ટી... હેલ્ધી અને એ પણ જૈન આઈટમ?? ઘરે પાર્ટી કરવી છે... તો નવું શું બનાવવું છે? બધા પ્રશ્નોનો ઉકેલ આપવા તૈયાર છીએ ડબ્બલ ધમાકા સાથે.

શુક્રવાર, તા.૧૮ ઓક્ટોબરના "Sushi & Momos Demo' by Jain Cooking Expert Leena Sangoi દ્વારા Sushi Cake, Balls, Cruncy Veges, Cheesly Corn, Honey Chilli Saucs, Kimbap Sauce, Teriyaki Sauce, Asian Momos, Chinese Momos, Chilli Oil (Call Boiled Momos).

શનિવાર, તા.૧૯ ઓક્ટોબરના "Cookies Demo" Tea Time Cake by Maina Chheda. Almond Cookies, Raagi Cookies with Jaggery, Jowar Chocolate, Wheat n Oats Cookies. Peanut butter alomond Filling Sugar Free Stuffed Dates. Mix Dry Fruit Filling Sugar Free. Chocolate Walnut banana Tea Time Cake. Dates n almond cake (only receipe). Kunafa Traditional Sweet Dish from Arabic (Cream Cheese based).

ડેમો ફી (૧ દિવસ) ક.વિ.ઓ.રૂા.૪૦૦/- અન્ય માટે રૂા.૫૦૦/-.

ડેમો ફી (૨ દિવસ) ક.વિ.ઓ.રૂા.૭૦૦/- અન્ય માટે રૂા.૯૦૦/-.

સ્થળ : મુલુંડ ક.વિ.ઓ.ઓફિસ બપોરે ૨ થી ૫.૩૦ કલાકે (ડેમો. ટાઈમસર ચાલુ થઈ જશે)

શુક્રવાર, તા.૧૮ ઓક્ટોબર સલાડ કોમ્પિટીશન જેમાં ડ્રેસિંગ ઘરે બનાવેલું હોવું જરૂરી છે). શનિવાર, તા.૧૯ ઓક્ટોબર સ્ટાર્ટર્સ કોમ્પિટીશન (રેસીપીની ૨ કોપી બન્નેમાં જોઈશે)

નોંધ : જૈન વાનગીઓ બનાવવાની રહેશે. કોમ્પિટીશન ફી રૂા.૧૦૦/- વધુ વિગત બિરજુ વીરા-૯૬૧૯૧૩૦૭૧૦, મિત્તલ દેઢીયા-૯૩૨૦૪૪૯૦૬૦, પલ્લવી ગાલા-૯૯૨૦૦૬૩૦૫૦.


જ્યોતિષશાસ્ત્ર
૩૦ વર્ષોના વિશાળ અનુભવી મુંબઈના સુવિખ્યાત અને લોકપ્રિય જ્યોતિષ વિશારદ શ્રી સમીર સેજપાલ દ્વારા તમને મુંઝવતા તમામ પ્રશ્નો અંગે સ્પષ્ટ અને સચોટ માર્ગદર્શન તથા નિરાકરણ મેળવો.
સમીર સેજપાલ
(જ્યોતિષભાસ્કર, હોરાભૂષણ, જ્યોતિષરત્ન, જ્યોર્તિજ્ઞાતા, વાસ્તુશાસ્ત્રી)
મોબાઈલ : 98192 98404 (એપોઈમેન્ટ જરૂરી)

આપના પ્રસંગોને યાદગાર બનાવો
• લગ્નગીત
• સંગીતસંધ્યા
• હલ્દી/મહેંદી
• બર્થ ડે પાર્ટી
• જૈન સ્તવન
• પ્રાર્થના સભા
• ડોલી તેમજ
• સ્પે.એન્ટ્રી ફોર કપલ
હિના ઠક્કર

9221240755, 9769305488

Click Here

# મારા ડાયરીના થોડા પાનાં : 'બુધ્ધ જણાવ્યું કે આપણે સ્વયં આપણ ગુરુ બની શકીએ છીએ'




ભારતમાં બુધ્ધનો વિરોધ શા માટે થયો? કારણ કે તેમણે ધર્મગુરૂઓની પૌરાણિક વાર્તાઓ જે કાલ્પનિક હોય છે અને બ્રાહ્મણવાદી માન્યતાઓને સ્વિકારી ના પાડી. કુંટસુત્તમાં બુધ્ધે એ શાસન કરનારી સરકારોને શિખામણ આપી કે નવયુવકો માટે રોજગારના સાધનો શોધવા જોઈએ જેથી એ મને યુવકો કામ મળે. નાના વ્યાપારી અને કારીગરોને ઓછા વ્યાજે અને સહેલાઈથી પુંજી મળી શકે. ખેડૂતોને સારી ગુણવત્તા સભર બીજ, ખાતર અને સિંચાઈના સાધનોની વ્યવસ્થા કરવામાં આવે. ખેડૂતોની ઉપજનો વ્યાજબી ભાવ મળે.

આ પ્રમાણે પ્રામાણિક વ્યવસ્થા ઊભી કરીને ગરીબ અને બેકારી દૂર કરી શકાય તો સમાજમાં હિંસાનું પ્રમાણ ઘણું ઘટી જશે. ગુનગારી અને અપરાધપણાનું પ્રમાણ ઓછું થઈ જશે. કાનુન અને ન્યાય વ્યવસ્થા આનાથી સુધરી શકશે. બધા જણને સામુહિક વિકાસની તકો ઊભી થશે અને દેશનો પણ વિકાસ થશે અને સમૃદ્ધિ વધશે. તે સમયમાં મહાવીર અને બુધ્ધ હિંસા, ચોરી અને અપરાધપણાને રોકવા માટે આ પ્રમાણેનો ઉપદેશ આપેલ છે. તેમણે પાપ-પુણ્ય પર લોક જેવી વાતો નથી કરી. પરંતુ સમાજની જરૂરીયાત સમાનતા સર્વ જણના અધિકારીની વાતો કરી છે.

વર્ણ વ્યવસ્થાનો સંપૂર્ણપણે વિરોધ કરેલ છે. મનુષ્ય મનુષ્ય વચ્ચે ભેદની જે રેખાઓ જેમણે ઊભી કરી છે. તે વ્યવસ્થા પર તેમણે ટીકા કરી છે. તે વ્યવસ્થાને તોડવા માટે તેમણે અહિંસક માર્ગને પસંદ કરેલો હતો. બુધ્ધે ધર્મને આત્મા પરમાત્માના રહસ્યમાંથી બહાર કાઢીને જગતને વાસ્તવિકતા સાથે જીવવાની શિખામણ આપી. દેવી-દેવતા આ કર્મકાંડની જગ્યાએ સામાજીક જીવના મૂલ્યોનું મહત્વ સમજાવ્યું.

સમ્રાટ અશોક પોતાના શાસન કાળમાં બુધ્ધના નીતિ નિયમોનો અમલ કર્યો. બુધ્ધએ બતાવેલ પથ પર લોકનીતિને વ્યવહારમાં મૂકી ભારતીય ઈતિહાસમાં સમ્રાટ અશોકના સમયને સુર્વણ કાળ તરીકે ગણવામાં આવે છે. ભારતીય સમાજને એ ઊંચાઈ પર લઈ જવું હોય તો બુધ્ધના ઉપદેશોને જીવનમાં ઉતારવાની જરૂરત છે. ભગવાન બુધ્ધનું સૌથી મહત્વપૂર્ણ યોગદાન એ છે કે એમણે જગતને બતાવ્યું કે તે સ્વંય બીજા લોકોની જેમ ગૃહસ્થ હતાં. તેઓ દેવલોકમાંથી ઉતરી આવ્યા ન હતાં. એમનું જન્મ, વિવાહ અને ગૃહસ્થ જીવન સામાન્ય પ્રાકૃતિક હતું. સામાન્ય વ્યક્તિ પોતાની સાધના ત્યાગ અને મજબૂત મનોબળથી જીવનની એ ઊંચાઈ પ્રાપ્ત કરી શકે છે.

એના માટે કોઈ વરદાન કે કોઈ દૈવીશક્તિની જરૂરત હોતી નથી. શીલ, સદાચારનો ઉપદેશ આપતા હતા. તેઓ ૪૫ વર્ષ સુધી નગરો અને ગામડાઓમાં જઈને માણસોને આનંદમય જીવન જીવવાની કળા શીખવાતા રહ્યાં એમણે દરેક વર્ગ દરેક ઉંમરના માણસોને સદાચારનું જીવન જીવવા પ્રેરણા આપી જેનાથી સમરસ સમાજની સ્થાપના થાય કોઈ ઊંચ કે નીચ હોતું નથી. પરંતુ વ્યવસ્થા એમના ભાગલા પાડ્યા છે. એ વ્યવસ્થા તોડવાની લોકોને સલાહ હતી. બુધ્ધે સમાજ સમક્ષ બે મહત્વના ઉપદેશ આપ્યા. પ્રથમ તેમણે કામવાસનામાં લીન રહેવાની પ્રબળ ઈચ્છા જ માણસની વૈચારિક શક્તિ નબળી બનાવે છે. બીજી પોતાની પીડા આપવાની વૃત્તિ જે દુ:ખદાયક અને અર્થવગરની છે. એમણે જણાવ્યું કે આપણું મન અને શરીર કાયમ બહારની ઘટનાઓની પ્રતિક્રિયા આપે છે. અર્ધ જાગૃતમન નિરંતરત રાગ દ્વેષ ઉત્પન્ન કરે છે. આ એનાથી એવા જ સંસ્કાર નિર્માણ થાય છે. આ સંસ્કાર ત્રણ પ્રકારે બને છે. પ્રથમ પ્રકારના સંસ્કાર પાણી પર બનાવેલી લકીર સમાન હોય છે. જે બને છે અને તરત જ ભૂંસાઈ જાય છે. બીજા પ્રકારના સંસ્કાર રેતી પર બનાવેલી લાઈન સમાન હોય છે. જેને ભૂંસાતા થોડા સમય લાગે છે. ત્રીજા પ્રકાર સંસ્કાર પથ્થર પર બનાવેલી લાઈન સમાન થાય છે. જે માણસ અંર્તમનની ગહરાઈ સુધી પહોંચેલા હોય છે. જેને સમાપ્ત થવામાં ઘણો સમય લાગે છે.

અજ્ઞાનતાના કારણે આપણે અજાણતા એની સાથે ખેંચાઈએ છીએ અને આપણું મન એની અંદર અટક્યા કરે છે. બુધ્ધ જણાવે છે સારા દુ:ખો આપણી માનીસી કાયામાં અને મનના સમાયેલા છે. સંપૂર્ણ જગત અને દરેક જણસ પરિવર્તનશીલ છે. કોઈપણ સ્થાયી નથી. જીવનમાં અતિ અપેક્ષા એ દુ:ખનું કારણ છે. દુ:ખ માત્ર બીમારી કે વૃધ્ધાવસ્થા કે મૃત્યના ડર કારણે નથી પરંતુ દિન પ્રતિદિનમાં મળતી નિષ્ફળતા કોઈના પ્રત્યે સતત અભાવ ના કારણે દ્વેષ ઉત્પન્ન થાય છે.

એમણે ચાર આર્ય સત્ય અને આઠ આષ્ટામિક મારગ બતાવ્યા છે. આ ને પોતાના જીવનમાં કોઈ માણસ ઉતારીને બુધ્ધત્વ પ્રાપ્ત કરી શકે છે. દરેક માણસની અંદર બુધ્ધત્વના બીજ હોય છે. બુધ્ધે જણાવ્યું કે પોતાના ગુરુ તમે સ્વંય બનો અને મુક્તિના માર્ગની શોધ કરો.


ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



સોની રાજેન્દ્ર લક્ષ્મીદાસ ધકાણ

(રાજુભાઈ સોની) (ઉ.વ.૬૦)

સ્વર્ગવાસ તા. ૧૧-૧૦-૨૦૨૪

એવી નજર ક્યાંથી લાવવી કે તમને યાદ કરીએ ને દર્શન થઈ જાય.
હજુ જરૂર હતી તમારી અમને ત્યાં કુદરત લઈ ગણો તાણી.
હે કુદરત એ અમાનત અમારી છે, રાખજે તું એમને સંભાળી.
તારા માટે એ આત્મા હશે પણ એ જ જીંદગી અમારી હતી.
સદગુરુ એમના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.

શ્રદ્ધાસુમન

લાલજી સી. સોની • લાલજીભાઈ જ્વેલર્સ



BUY 1 GET 1



FREE on Frames & Sunglasses

FREE EYE CHECKUP
by Qualified Optometrist

Blueeyes
Make Eye Care a Priority

+91 97695 82393
79770 11355

A-2/14, Pranav Commercial Plaza, M. G. Road, Near Shiv Sena Office, Mulund (W).

*Terms and Condition Apply. (Not For Contact Lenses & International Brands)


Click Here

# શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, ઝવેર રોડ ખાતે આસો માસની શાશ્વતી ઓળીની આરાધના





**અઢી વર્ષના બાળકે કર્યું આયંબિલ**





શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, ઝવેર રોડ, મુલુંડ ખાતે આસો માસની શાશ્વતી ઓળીની આરાધના ચાલી રહી છે. જેમાં આજ સુધીમાં ૧૨૬૧ થી વધારે ઓળીના પાસ ગયેલ છે અને દિન પ્રતિ દિન આયંબિલમાં અનેક ભાવિકો જોડાઈ રહેલ છે.

જૈન ધર્મમાં આસો માસની ઓળીને શાશ્વતી ઓળી માનવામાં આવે છે. આ ઓળીની આરાધના માત્ર આ ભરતક્ષેત્રમાં નહી પણ દરેક ક્ષેત્રમાં તેમજ મહાવિદેહ ક્ષેત્રમાં જ્યારે સદેહે વિચરી રહેલા શ્રી સીમંધર સ્વામી ભગવાનની નિશ્રામાં આ આરાધના ચાલી રહી છે એવી આ આસો માસની ઓળીનું ખુબ મહત્વ છે. આ ઓળીમાં ૯ દિવસ અલગ-અલગ નવપદ, અરિહંત પદ, સિધ્ધ પદ, આચાર્ય પદ, ઉપાધ્યાય પદ, સાધુ પદ, દર્શન પદ, જ્ઞાન પદ, ચારિત્ર પદ અને તપ પદની મંત્ર અને આયંબિલ તપની તપશ્ચર્યા દ્વારા આરાધના કરવામાં આવે છે.

આયંબિલ તપમાં ૯ દિવસ સુધી ઘી, તેલ, વિ. વિગઈ વગરનો લુખ્ખો આહાર માત્ર એકવાર વાપરવાનો હોય છે. કોઈપણ સ્વાદ વગરનો આ આહાર આપણી રસેન્દ્રિય પર કાબૂ મેળવવા ખુબ ઉપયોગી થાય છે.

શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, ઝવેર રોડ, મુલુંડ ખાતે આ વર્ષે ચાતુર્માસ દરમિયાન બિરાજમાન પ.પૂ. આચાર્ય ભગવંત વૈરાગ્ય દેશના દક્ષ હેમચંદ્રસૂરિશ્વરજી મહારાજ સાહેબના શિષ્યરત્ન ચુસ્ત સંયમી પ.પૂ.પંન્યાસ પ્રવર શ્રી રત્નબોધિ વિજયજી મ.સા. કે જેઓ મુલુંડના જ વતની છે તેઓની પાવન નિશ્રા પ્રાપ્ત થઈ છે. તેમની નિશ્રામાં આ શાશ્વતી ઓળીમાં ખૂબજ બહોળો વર્ગ જોડાયેલ છે. તેમની પાવન પ્રેરણાથી વર્ધમાન તપનો પાયો પણ અનેક આરાધકો નાખી રહ્યા છે. આ વર્ષે આસો માસની શાશ્વતી ઓળીનો લાભ અત્તરવાયણાં આયંબિલની ઓળી વર્ધમાન તપનો પાયો અને પારણાં સાથેનો લાભ પાલિતાણા નિવાસી માતુશ્રી મંછાબેન રમણિકલાલ શાહ (આર.કે. શાહ) પરિવારે ચિ.સાચી હર્ષ શાહના જન્મ નિમિત્તે હસ્તે હર્ષ, નિશિતા, માનસી-ધૃવિન, ખુશ્બુ-અલય, ધૃવિ લીધેલ છે. આ આયંબિલની ઓળી દરમિયાન મિત્ર વર્તુળમાં અને સગાં સ્નેહીજનોને આયંબિલ કરવાની પ્રેરણા કરવામાં આવેલ છે. અત્યાર સુધીમાં નીચે મુજબ આયંબિલ થયેલ છે.

**દિવસ આયંબિલની સંખ્યા : દિવસ ૧-૧૩૦૦, દિવસ ૨-૧૧૯૫, દિવસ ૩-૧૨૦૨, દિવસ૪-૧૨૯૭, દિવસ ૫-૧૪૦૮(નાના બાળકોના આયંબિલ ૧૬૭ સહિત), દિવસ ૬-૧૧૯૨ (શુધ્ધ આયંબિલ ૨૬૦ સહિત), દિવસ ૭-૧૧૪૬, ટોટલ-૮૭૪૦ અત્યાર સુધીમાં આયંબિલ થયેલ.**

લાભાર્થી પરિવાર તરફથી ઓળી દરમિયાન જિનાલયમાં દરરોજ પરમાત્માને ભવ્ય અંગરચના કરવામાં આવે છે તેમજ જિનાલયમાં શણગાર, તપસ્વીઓને દરરોજ અલગ-અલગ પ્રભાવના, પ્રવચન દરમિયાન પ્રભાવના, પીરસવાનો લાભ લેનાર દરેક પુણ્યશાળી પોતાના તપના અંતરાય કર્મો ખપાવવાનું કાર્ય કરે છે એમની માટે મીઠાં રસોડાંની સગવડ રાખવામાં આવેલ છે. તથા જે સાધર્મિક ભાઈઓ તથા બહેનો પેઈડઅપ દ્વારા આવે છે તેમને ડબલ પગાર દ્વારા સાધર્મિક ભક્તિ તથા બાળકોના આયંબિલ વખતે વિશિષ્ટ સજાવટ કરવામાં આવેલ હતી કે જેથી બાળકો હોંશે-હોંશે આયંબિલ કરે તથા તેમની વિશિષ્ટ પ્રભાવના દ્વારા બહુમાન કરવામાં આવેલ હતું. તેમજ શુધ્ધ આયંબિલ કરનારને પણ પ્રભાવના દ્વારા બહુમાન કરવામાં આવેલ તથા ૧૩-૧૦-૨૪ના રોજ જિનાલયમાં શ્રી સીમંધર જિન ભક્તિ મંડળ દ્વારા ભાવના રાખવામાં આવેલ તેમજ તા.૧૪-૧૦-૨૦૨૪ના રોજ જિનાલયના પ્રાંગણમાં શ્રી નિલેશભાઈ રાણાવત અને તેમની મંડળી દ્વારા ભવ્યાતિભવ્ય ભાવના રાખવામાં આવેલ. જેમાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયેલ હતા.

આમ આસો માસની શાશ્વતી ઓળીમાં શ્રી મુલુંડ શ્વે.મૂ.પૂ. જૈન સંઘ, ઝવેર રોડ, મુલુંડમાં ખૂબજ ઉત્સાહ સાથે આરાધના થઈ રહેલ છે અને એક જ સંઘમાં આટલી મોટી સંખ્યામાં આરાધકો જોડાયા છે જે વિશિષ્ટ અને યાદગાર બની રહેશે.

# કેનેડાના હેમંતભાઈ શાહની આંખો સૂકી ને ભીના હૈયાં

## ભારત-કેનેડાના વણસી રહેલા સંબંધો નિહાળીને મુલુંડના ઈન્ડો-કેનેડીયન એનઆરઆઈની વ્યથા



ખાલિસ્તાની અલગતાવાદી નેતા હરદીપ સિંહ નિજ્જરની હત્યાને મામલે ચાલી રહેલી તપાસ સાથે કેનેડાસ્થિત ભારતીય હાઈકમિશનર અને અમુક રાજદૂતોને સાંકળવાના કેનેડાની પોલીસે કરેલા પ્રયાસ સામે પ્રતિક્રિયા આપતાં ભારતે કેનેડા સ્થિત ભારતીય રાજદૂતો અને અધિકારીઓને પાછા બોલાવી લેવાનો નિર્ણય લીધો હતો. આમ એક સમયે ગાઢ મિત્રતા ધરાવતા આ બંને દેશોના રાજકીય સંબંધોમાં ખટાશ આવી જવાને લીધે મૂળ મુલુંડવાસી અને દાયકાઓથી કેનેડામાં સ્થાયી થયેલા એનઆરઆઈ હેમંતભાઈ શાહ સહિત અનેક ભારતીયોને દુઃખ લાગી રહ્યું છે.

આ અંગે ગુર્જરમાત સાથે કેનેડાથી ફોન પર પ્રતિક્રિયા આપતાં હેમંતભાઈએ જણાવ્યુ હતું કે,કેનેડા, યુએસ કે અન્ય દેશમાં વસતા દરેક ભારતીયની ભગવાન કૃષ્ણની જેમ બે માં હોય છે. એક તો એમનીમાતા સમાન જન્મભૂમિ ભારત અને બીજી તેમની કર્મભૂમિ સમાન માતા કેનેડા (કે અન્ય દેશ). હાલ જે રીતે મારી આ બે માતાઓ ઝઘડી રહી છે તે જોઇને મને થતી વેદના અવર્ણનીય છે.

આ અંગે એક ટીવી ચેનલને આપેલી મુલાકાતમાં ભારત-કેનેડા વચ્ચે વણસી રહેલા સંબંધોને લીધે ઊભી થયેલી પરિસ્થિતિ અંગે પૂછવામાં આવતાં હેમંતભાઈ એ જણાવ્યું હતું કે સાચું કહું તો આ પરિસ્થિતિ ૧૨ મહિના પહેલાં સપ્ટેમ્બર ૨૦૨૩થી ચાલુ થઇ હતી જ્યારે બંને દેશોએ એકબીજા પર આરોપો કર્યા હતા. આને લીધે બંને દેશોના સંબંધોમાં એક પ્રકારની ખટાશ કે તિરાડ આવી ગઈ છે જે મારા અને મારા સહયોગીઓ માટે જેમણે કેનેડા-ઇન્ડિયા ટ્રેડ માટે પાંચ દાયકાથી કામ કર્યું તેમના માટે ખૂબ શોકિંગ છે. ગઈકાલે જયારે આ સમાચાર મળ્યા ત્યારે હું કહી શકું એ કેનેડા-ઇન્ડિયા પોલિટીકલ અને ટ્રેડ રીલેશન માટે એ 'ડાર્કેસ્ટ ડે' હતો.

કેનેડામાં ભણી રહેલા વિદ્યાર્થીઓના ભવિષ્ય વિષે પૂછવામાં આવતાં હેમંતભાઈએ જણાવ્યું હતું કે હું ઘણા સમયથી કહેતો હતો કે ભારતના વિદ્યાર્થીઓ કેનેડા સ્ટડી કરવા ભલે આવે, પણ હમણાં થોડો સમય થોભી જાવ. અને આજે જે પરિસ્થિતિ ઊભી થઇ છે તે મારી વાતને સાચી સાબિત કરે છે. છતાં પણ જે વિદ્યાર્થીઓ કે અન્ય ભારતીયો કાયદેસર અહીંની યુનિવર્સીટીઓમાં પ્રવેશ મેળવ્યો છે, જેમની પાસે વર્ક પરમીટ છે તેમને કંઈ તકલીફ ન પડે એવી કેનેડા સરકારની પારદર્શક પોલીસી છે. પરંતુ જેમના વિઝા પૂરા થઇ ગયા છે છતાં કેનેડામાં રહે છે તેમને આ પરિસ્થિતિમાં મુશ્કેલી પડી શકે છે.

Click Here

## રોટરી ક્લબ અને ઈન્નરવ્હિલ ક્લબના સહયોગથી બ્રેસ્ટ કેન્સર કેમ્પ યોજાયો



રોટરી ક્લબ ઓફ મુલુંડ સાઉથના પ્રમુખ ડો. અપર્ણા પાડગાંવકર, રોટરી ક્લબ ઓફ મુલુંડના પ્રમુખ શ્રીમતી સીમા જોષી, ઈનરવ્હિલ ક્લબ ઓફ મુલુંડના પ્રમુખ શ્રીમતી નૂતન ધુલ્લા તેમજ પ્રોજેક્ટ ચેરમેન શ્રીમતી મિનાક્ષી ખોસલાએ સાથે મળીને મેડિકલ કેમ્પનું આયોજન કર્યું હતું. ઓક્ટોબર મહિનો કેન્સર જાગૃતિ મહિનો હોવાથી ૫મી ઓક્ટોબર ૨૦૨૪ના દિને આંગણવાડીની સેવિકાઓ ૬૦ મહિલાઓ માટે બ્રેસ્ટ કેન્સર, સ્ક્રીનિંગ, એનિમિયા ચેકઅપ અને થાઈરોઈડ ચેકઅપ ડો. અપર્ણા હોસ્પિટલમાં કરવામાં આવ્યું હતું. આ મેડિકલ કેમ્પ સવારના ૧૦ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી ચાલ્યો હતો. સર્વે મહિલાઓ તપાસ સરસ રીતે કરવા માટે ખુશ હતી.



પ્રોજેક્ટ ચેરમેન શ્રીમતી મિનાક્ષી ખોસલા, રોટરી સાઉથ પ્રમુખ ડો. અપર્ણા, રોટરી મુલુન્ડ પ્રમુખ શ્રીમતી સીમા જોષી, ઈનરવ્હિલ પ્રમુખ શ્રીમતી નૂતન ધુલ્લા તેમજ હાજર રહેલ સર્વે સભ્યોના સાથ-સહકારથી મેડિકલ કેમ્પ સફળતાપૂર્વક સંપન્ન થયો. સર્વેને ખૂબ ખૂબ ધન્યવાદ આપયા હતા. ઉપરોક્ત માહિતી પીઆરઓ પી.પી. શ્રીમતી અનસુયાબેન શાહે અખબારી યાદીમાં જણાવેલ છે.

## શ્રી મુલુંડ ક.વી.ઓ.સમાજ દ્વારા 'દિવાલી મેલા'

તા.૨૦ અને ૨૧ ઓક્ટોબર રવિવાર તથા સોમવાર સવારના ૧૦ થી રાતના ૯ સુધી. ૧૦૦ થી વધારે સ્ટોલ ખાસ આકર્ષણો. દર ૧ કલાકે લક્કી ડ્રો, ૧ મિનિટ ગેમ્સ, ફ્રી મહેંદી બન્ને દિવસ બપોરે ૨ થી ૭, ફક્ત રૂા.૯૯/-માં જેલપોલીશ. બન્ને દિવસ સવારના ૧૧ થી ૮, ફક્ત રૂા.૫૦માં સીબીએસ, બલ્ડ ટેસ્ટ બન્ને દિવસ ૧૧ થી ૪ તા.૨૦ ઓક્ટોબરના ફ્રી ગ્રાફોલોજી. તા.૨૦ ઓક્ટોબરના ૧૧.૩૦ થી ૧.૩૦. સંસ્કૃત શ્લોક હરિફાઈ રજી. ફી ફક્ત રૂા.૫૦/- છાયા દેઢિયા-૯૯૬૯૮૨૮૮૮૩. સ્પેલબી હરિફાઈ રજી. ફી ફક્ત રૂા.૫૦/- મીનલ ગાલા-૯૯૨૦૬૭૦૦૧૦. ૧૧ થી ૧૨ હાર્ટ એટેક અને કોલેસ્ટ્રોલ પર લેક્ચર તા.૨૧ ઓક્ટોબરના રજી. ફી ફક્ત રૂા.૫૦/- સાથે ૩ લક્કી ડિસ્કાઉન્ટ વાઉચર, લતા ગાલા-૯૮૯૨૬૨૦૫૮૮, ૨ થી ૫ ત્વચા અને વાળ માટે કન્સલ્ટેશન રજી. ફી ફક્ત રૂા.૫૦/- સાથે રૂપિયા ૨૦૦૦ના ૨ લક્કી ડ્રો કુપન, દિપ્તી નંદુ-૯૩૨૨૯૫૦૩૫૨. બધા જ આવકાર્ય (Open for all) એમ કન્વીનર નયના દેઢિયા-૯૮૯૨૨૭૭૫૦૪ નો સંપર્ક કરવો.

## આઈડિયલ હોમ વેલફેર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મુલુંડ-પૂર્વમાં નિઃશુલ્ક ભોજન વિતરણ કેન્દ્ર શરૂ



ગરીબાઈ રેખા અંતર્ગત જીવન નિર્વાહ કરતા જરૂરિયાતમંદ પરિવારો, વૃદ્ધ, અશક્ત અને અપંગ વ્યક્તિઓ માટે આઇડિયલ હોમ વેલફેર ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત હેપી ફીઝ અંતર્ગત વર્ષ ૨૦૨૦ થી કાર્યરત મુલુંડ પશ્ચિમના કેન્દ્ર પર દરરોજ સવાર/સાંજ નિઃશુલ્ક ભોજન વિતરણ કરવામાં આવે છે, આ સેવાને આગળ વધારતાં મુલુંડ પૂર્વમાં શનિવાર, તા. ૧૨ ઓક્ટોબર દશેરાના દિવસથી ખંડોબા મંદિર પાસે દરરોજ બપોરના ૧૨:૩૦ થી ૧:૧૫ વાગ્યાની વચ્ચે નિઃશુલ્ક ભોજન વિતરણની સેવા શરૂ કરવામાં આવી છે. વધારે માહિતી માટે સંપર્ક : જીતેન્દ્ર વિસરીયા-૯૮૯૨૨૮૮૮૨૨, અરવિંદ જૈન -૯૮૨૦૮૩૭૭૩૮, મહેશ મોતા-૯૦૨૯૬૭૬૭૧૮.





Click Here

# શ્રી મુલુંડ ઘોઘારી વિશા શ્રીમાળી જૈન સમાજ દ્વારા યુવક-યુવતિ પરિચય સ્મરણિકાનું વિમોચન








શ્રી મુલુંડ ઘોઘારી વિશાશ્રીમાળી જૈન સમાજ દ્વારા યુવક-યુવતી પરિચયની સ્મરણિકાનું રવિવાર, તા.૧૩ ઓક્ટોબરના સવારના ૧૦ કલાકે સમાજની ઓફીસમાં વિમોચન કરવામાં આવ્યું હતું. આ સ્મરણિકામાં ૩૨૫થી વધુ શ્રી ઘોઘારી વિશાશ્રીમાળી સમાજના યુવક-યુવતીના બાયોડેટાની વિગત સંકલિત કરવામાં આવેલ છે.

કાર્યક્રમની શરૂઆત શ્રી ભદ્રેશભાઈ દોશી, શ્રી હીતેશભાઈ સલોત, શ્રી પરાગભાઈ સંઘવી, શ્રી નલિનભાઈ શાહ (RK), શ્રી અરૂણભાઈ સંઘવી તથા શ્રી ભરતભાઈ દોશી દ્વારા દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવી. સહુ પ્રથમ કલ્પેશભાઇ પટણી એ સમાજની રૂપરેખા આપી. અને ત્યારબાદ મહાસુખભાઈ મહેતાએ યુવક-યુવતી પરિચય સ્મરણિકાના પ્રારંભથી વિમોચન સુધીની માહિતી આપી. ત્યારબાદ નલિન શાહ દ્વારા સમાજ દ્વારા થઈ રહેલા કાર્યોની સંક્ષિપ્ત વિગત તથા છેલ્લા ત્રણ વર્ષમાં થયેલ ૮૦ થી વધુ થયેલા કાર્યક્રમનો ઉલ્લેખ કર્યો હતો. અને યુવક-યુવતી પરિચય સ્મરણિકા, જેમણે પણ બાયર્યોડેટા આપ્યા છે તે દરેકને કુરીયર દ્વારા પહોંચતી કરવામાં આવશે તે જણાવ્યું.

ત્યારબાદ ભદ્રેશભાઈ દોશી, હીતેશભાઈ સલોત, પરાગભાઈ સંઘવી, શૈલેષભાઈ દોશી, નલિનભાઈ શાહ, દીપકભાઈ ગાંધી, ભરતભાઈ દોશી, જીતુભાઈ મહેતા, મહાસુખભાઈ મહેતા, રાજુભાઈ દોશી દ્વારા યુવક-યુવતી સ્મરણિકાનું વિમોચન કરવામાં આવ્યું. વિમોચન બાદ અરૂણભાઈ સંઘવી દ્વારા સમાજના આવનારા કાર્યક્રમ તથા ડીસેમ્બર-જાન્યુઆરીમાં થનાર સ્પોર્ટસ ફેસ્ટીવલની જાહેરાત કરવામાં આવી હતી. જેની વિસ્તૃત માહિતી જીતુભાઈ શાહ દ્વારા આપવામાં આવી હતી. અને સ્પોર્ટસ ફેસ્ટીવલમાં આવરી લેનાર રમત મેરેથોન, બેડમીંટન, ફુટબોલ, થ્રો બોલ, લગોરી તથા ક્રિકેટના ફોર્મનું કિશોરભાઈ શાહ, મુલુંડ ન્યુઝના તંત્રી શ્રી સુભાષભાઈ શાહ, દેવેન્દ્રભાઈ દોશી, નલીનભાઈ શાહ, વિરેન્દ્રભાઈ શાહ, તથા હેમંતભાઈ દોશી દ્વારા વિમોચન કરવામાં આવ્યું. આ બધા સ્પોર્ટસના ફોર્મ તા. ૧૭ ઓક્ટોબરથી ઉપલબ્ધ થશે. ત્યારબાદ ભદ્રેશભાઈ દોશી દ્વારા પ્રાસંગિક પ્રવચન કરવામાં આવ્યું અને સમાજને દરેક કાર્યમાં સહકાર આપવાની ખાતરી આપી. અને પરાગભાઈ સંઘવી દ્વારા શ્રી મુલુંડ ઘોઘારી વિશાશ્રીમાળી જૈન સમાજને રૂા.૫૪,૦૦૦/-નું અનુદાન આપવામાં આવ્યું હતું.

ત્યારબાદ નલીનભાઈ શાહ, ધમેશભાઈ દોશી તથા હીરેનભાઈ શાહ દ્વારા ભદ્રેશભાઈ દોશી તથા હીતેશભાઈ દોશીનું શાલ-માળ અને બુકે દ્વારા બહુમાન કરવામાં આવ્યું. મહાસુખભાઈ મહેતા, હીરેનભાઈ શાહ તથા શૈલેશભાઈ શાહ દ્વારા પરાગભાઈ સંઘવીનું શાલ-માળ અને બુકે દ્વારા બહુમાન કરવામાં આવ્યું. ભરતભાઈ દોશી, કીર્તીભાઈ સંઘવી તથા દીપકભાઈ શેઠ દ્વારા શૈલેષભાઇ દોશીનું શાલ-માળ અને બુકે દ્વારા બહુમાન કરવામાં આવ્યું. નલીનભાઇ શાહ, કલ્પેશભાઈ પટણી, રાજુભાઈ દોશી, ભુપતભાઈ શાહ દ્વારા મુલુંડ ન્યુઝના તંત્રી શ્રી સુભાષભાઈ શાહનું બહુમાન કરવામાં આવ્યું. આ પ્રસંગે મુલુંડ ઘોઘારી યુથ કમિટીના મેમ્બર્સ તથા ઘણી સારી સંખ્યામાં મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ કલ્પેશભાઈ પટણી દ્વારા આભારવિધિ વ્યકત કરવામાં આવી. અને અલ્પાહાર કરીને બધા છુટા પડ્યા.


શ્રી શ્રેયસ્કર ઘોઘારી પરિવાર

સતત દસમા વર્ષે મીઠાઈ-ફરસાણનું વેચાણ

દિવાળી પર્વ દરમિયાન વાપરવા માટેની શુદ્ધ અને સાત્વિક મીઠાઈ તથા ફરસાણનું વેચાણ સંસ્થા દ્વારા કરવામાં આવશે. જેનો દરેક ભાઈ-બહેનોને લાભ લેવા હાર્દિક આમંત્રણ.

બદામ કતરી, કાજુ કતરી, કાજુ કતરી (વરખ સાથે), કેસર કાજુ કતરી, કાજુ રોલ, ડાયમંડ, પીસ્તા બોલ, રોસ્ટેડ આલમંડ બોલ, કાજુ સેંડવીચ, ડ્રાય ફ્રુટ પીઝા, રોયલ કસાટા, કાજુ પાન, સ્ટ્રોબેરી પંચ, રોઝ મેજીક, ડ્રાયફ્રુટ મીક્સ, ખજુર પાક, મોતીચુર લાડવા, મગજ લાડુ, મોહનથાળ, મૈસુબ, ઘી મીક્સ, ઘારી, ઘુઘરા, ડ્રાયફ્રુટ મકાઈ ચેવડો, ડ્રાયફ્રુટ ચેવડો (પૌઆ), જીરાપુરી, બીકાનેર સેવ






બુકીંગ
૧૭-૧૦-૨૦૨૪ ગુરુવાર થી
સવારે ૧૦ થી ૧૨ કરવામાં આવશે.

બુકીંગ સ્થળ
મુલદીપ બિલ્ડીંગ (જુનું), રત્નદીપ એપાર્ટ. ની સામે,
સેવારામ લાલવાની રોડ, મુલુંડ (વેસ્ટ).

Click Here

## જૈન સોશ્યલ ગ્રુપ-મુલુંડનો આગામી કાર્યક્રમ

જૈન સોશ્યલ ગ્રુપ-મુલુંડનો આગામી કાર્યક્રમ શુક્રવાર તા.૨૫ ઓક્ટોબરના સાંજના સારસ્વત વાડી ખાતે ફાસ્ટ ફુડ સાથે રાખેલ છે. જેમાં સભ્યો મિત્રોએ સમયસર પધારી લાભ લેવો. વોટસએપ ગ્રુપ સમયસર જોતા રહેશોજી. ગ્રુપમાં ડિસ્કાઉન્ટ સાથે નવા સભ્યો આવકાર્ય છે. વધુ વિગત માટે ઓફીસ બેરરનો સંપર્ક કરવો પ્રમુખ જયંતીલાલ મૈશેરી-૯૮૧૯૭૪૮૨૫૦.

### હરીશ ખોંભડીયા પ્રસ્તુત
### ઈર્શાદ ગઝલ કોર્નર...

નહોતી એના પર ધજા, પણ મારૂં પૂજા સ્થળ હતું
ઘર જે એનું, મારા ઘરની સહેજ બસ આગળ હતું
જો થવા ઇચ્છું તો પણ હું કોરી ક્યાંથી થઇ શકું?
પત્રના એક એક શબ્દે વાંચ્યું મેં, વાદળ હતું
ચાંદ જો ના થઇ શકે તો કંઇ નહીં, થા આગિયો
મૃત્યુ પણ બોલી ઉઠે, 'તારૂં જીવન ઝળહળ હતું'
સાવ ભાંગીને ફરી બેઠા થયા લોકો ઘણા
'થઇ જશે' નામે સતત માતાપિતાનું બળ હતું
એ જ કારણથી ડૂમાઓ ના કદી પણ ઓગળ્યા
આંસુ મારી આંખનું તો, એને મન બસ જળ હતું
એ પછી વર્ષો જે આવ્યા સોળ આની થઇ ગયા
હૈયે મારા, બારે મહિના વ્હાલનું ખળખળ હતું



અંજના ભાવસાર 'અંજુ'
સંકલન :હરીશ ખોંભડીયા











Click Here


Owner, Printer and Publisher : **Jayant Vasanji Chheda** • Printed at : **MID DAY Infomedia Limited,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701. • Published from 601, Abhinandan Apt., Sambhav CHS, Sarvoday Parshwanath Nagar, Mulund (West), Mumbai-400 080. • **Editor : Jayant V. Chheda • R.N.I. Regn. No. 69568/98**

## મહારાષ્ટ્ર સરકારએ ગાયમાતાને રાજમાતાનો દરજ્જો આપવાની જાહેરાત બદલ મુખ્યપ્રધાનનું બહુમાન કરાયું

તાજેતરમાં મહારાષ્ટ્રના સરકાર દ્વારા ગૌમાતા અને પાંજરાપોળમાં રહેલી દેશી નસલની ગૌમાતાને રાજમાતા તરીકે જાહેર કરતાં ઘંટાકર્ણ ચેરિટેબલ ટ્રસ્ટ–થાણાના ટ્રસ્ટી મનોજભાઈ શાહ અને ટિપટોપ પ્લાઝા પરિવાર દ્વારા મુખ્ય પ્રધાન એકનાથજી શિંદેનું ટ્રસ્ટ દ્વારા બહુમાન કરીને ગૌમાતાનો મોમેન્ટો તેમને ભેટ આપવામાં આવ્યો હતો.








## ટીપટોપ હોલમાં કિન્નરોની સંગાથે નવરાત્રોત્સવની રંગત જામી





ટીપટોપ પરિવાર અને હેમા ગાંધી સાથે મળીને આ વર્ષે ૧૦૧ કિન્નરો માટે ''એક શામ માતાજી કે નામ'' નું આયોજન કર્યું. માતાજીના પરમ ભક્ત તરીકે ગણાતા કિન્નરો સાથે આમંત્રિત મહેમાનો પણ રાસગરબામાં ઝુમતા કેમેરામાં ક્લિક થયા હતા. દરેકે જણએ રાસ ગરબા સાથે મહા આરતી અને ફરાળી ભોજનનો આસ્વાદ માણ્યો.

હેમા ગાંધી અને ગ્રુપ તરફથી પ્રત્યેક કિન્નરને ૫૦૦ગ્રામ બદામ અને કેસર તેમજ ટીપટોપ પરિવાર તરફથી રાશન કીટ તથા પર્સ આપવામાં આવ્યું. રાસ ગરબાનો આ પ્રોગ્રામ એક મિસાલ હતી કે ભગવાને બધાને સરખા બનાવ્યા છે પણ શરીરથી ટ્રાન્સજેન્ડર અલગ છે પરંતુ એ લોકો પણ મન ધરાવે છે. તેઓ પણ સમાજના દરેક કાર્યમાં હિસ્સો લઈ શકે છે. જો સમાજ આગળ આવીને એ લોકોને રોજગાર આપે તો એ લોકો સમાજમાં સન્માન સાથે જીવી શકે. પાછલા ત્રણ વર્ષથી હેમા ગાંધી આ બાબત ઉપર કાર્યરત છે. હાલમાં આદિ ઘંટાકર્ણ ચેરીટેબલ ટ્રસ્ટના અને ટીપટોપ પરિવારના મનોજભાઈએ હેમા ગાંધીની રિક્વેસ્ટ ઉપર ધ્યાન આપીને એક રીક્ષા નું આયોજન કિન્નરો માટે કરવાનું વિચાર્યું છે જેમાં રીક્ષા ના પ્રથમ બે હપ્તા ટીપટોપ પરિવાર ભરી આપશે. તેમજ ૧૧ કિન્નરોને એમ્બ્રોડરી વિથ સિલાઈ મશીન આપી ટ્રાન્સજેન્ડર સમાજને પગ પર ઉભા થવા મદદરૂપ થશે. આ કાર્ય દ્વારા કિન્નર સન્માન સાથે કમાણી કરી શકે એ નજરીયો મુખ્યત્વે છે. ભવિષ્યમાં અનેક પ્રોગ્રામના ટાસ્ક સાથે દાતાઓના સહયોગથી હેમા ગાંધી અને ગ્રુપ ટ્રાન્સજેન્ડર માટે સતત કાર્યરત રહેશે. આદિ ઘંટાકર્ણ ચેરીટેબલ ટ્રસ્ટના મનોજભાઈ અને હેમા ગાંધી ગ્રુપ દરેકને વિનંતી કરી છે જો તમારે સ્ટાફની જરૂરત હોય તો કિન્નર લોકોને કામ પર રાખો. કિન્નર સમાજની સેવાનું ફળ જરૂર મળશે.















Click Here

લાયન્સ ક્લબ
ઓફ મુલુંડ
અને
લાયન લેડી
ઓક્ઝિલરી ઓફ મુલુંડ
સર્વિસ વીક વિશેષ
પૂર્તિ ૨૦૨૪

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

Club ID # 131028-026139 | Dist. 3231-A2 | Region V | Zone I | L. Y. 2024-2025

# LIONS CLUB OF MULUND

Chartered as : LIONS CLUB OF BOMBAY MULUND. Chartered on : 15-3-1964

## Lions Service Week

29th September to 06th October 2024



*President*
*Lion Bharat Chheda*



*Secretary*
*Lion Pallavi Agrawal*



*Treasurer*
*MJF Lion Jitendra Chhabra*





*Service Week Chairpersons*
*Lion Mayur Lakhani*
*Lion Bipin Naik*

## લાયન્સ ક્લબ ઓફ મુલુંડ દ્વારા લાયન્સ સર્વીસ વીકમાં વિવિધ સમાજ કાર્યો કરાયા

| ટોટલ પ્રોજેક્ટ કોસ્ટ | ટોટલ પ્રોજેક્ટ | લાભાર્થી |
|---|---|---|
| ૪૨,૦૯,૫૫૦ | ૬૯ | ૮,૮૬૩ |

## લાયન્સ લેડી ઓક્ઝિલરી મુલુંડ દ્વારા લાયન્સ સર્વીસ વીક અંતર્ગત વિવિધ સમાજપયોગી સેવા કાર્યો કરાયા



LL Meenal Naik
Secretary



L L Rajul Chheda
President



LL Neepa Lakhani
Treasurer



LL Alka Bhinde
Service Week Chairperson



LL Aarjuli Chheda
Service Week Chairperson

**ટોટલ પ્રોજેક્ટ કોસ્ટ : ૧૫,૨૭,૪૪૦ | ટોટલ પ્રોજેક્ટ : ૭૪**

**Click Here**

# લાયન્સ ક્લબ ઓફ મુલુંડ દ્વારા લાયન્સ સર્વીસ વીકમાં વિવિધ સમાજ કાર્યો કરાયા









લાયન્સ ક્લબ ઓફ મુલુંડ દ્વારા રવિવાર, તા.૨૯ સપ્ટેમ્બરથી રવિવાર, તા.૬ ઓક્ટોબર દરમ્યાન લાયન્સ સર્વીસ વીક વર્ષ ૨૦૨૪-૨૫ અવસરે પ્રેસિડન્ટ લાયન ભરત છેડા, જી.એસ.ટી.ચેરપર્સન લાયન વિનોદ સોમલ, સેક્રેટરી લાયન પલ્લવી અગ્રવાલ, ટ્રેઝરર લાયન જીતેન્દ્ર છાબરા અને સર્વીસ વીક ચેરપર્સન લાયન મયૂર લાખાણી અને લાયન બિપિન નાઈકના માર્ગદર્શન હેઠળ વિવિધ સમાજસેવાના કાર્યો કરાયા.

પ્રથમ દિવસ તા.૨૯ સપ્ટેમ્બર રવિવારના સવારે ૯.૩૦ કલાકે ૨૦ મી મહાવીર ડિસ્પેનસરીની બર્થ ડે સિલીબ્રેશન લાયન્સ સ્પોર્ટ પેવેલિયનમાં કરાયું. ચીફ ગેસ્ટ રિજનલ ચેરપર્સન અને પ્રોજેક્ટ ચેરપર્સન લાયન બટુકભાઈ શાહ અને લાયન યોગેશ ઠક્કર હતા. છેલ્લા ૨૦ વર્ષ દરમ્યાન મહાવીર ડિસ્પેનશરી દ્વારા થયેલ સેવા પ્રવૃત્તિની સૌએ નોંધ લઈ પ્રશંસા કરી હતી.

સવારે દસ વાગે લાયન્સ મેડિકલ ડિવીઝનમાં લાઈબ્રેરી સેટ અપ કરાઈ. જેની કોસ્ટ રૂા.૧૫ હજાર થઈ હતી. આ લાયબ્રેરીનો લાભ બહુસંખ્ય લોકોને થશે. પ્રોજેક્ટ ડોનર લાયન પ્રેસિડન્ટ ભરત છેડા (Roxy Library), પ્રોજેક્ટ ચેરપર્સન કિંજલ દેઢિયા તથા ચીફ ગેસ્ટ લાયન મનીષ લાડગે અને ટીમ જીએસટી હતા. આ સેવા પ્રવૃત્તિમાં ૭૪ લાયન મેમ્બર હાજરી આપી હતી.

આ દિવસે ત્રીજો સેવાકાર્ય સવારે ૧૦.૩૦ વાગે લાયન સ્પોર્ટ પેવેલિયનમાં ૧૫૦ જેટલા રેગ્યુલર જરૂરતમંદોને અનાજ દાન અપાયું. જેની પ્રોજેક્ટ કોસ્ટ રૂા.૩૭,૫૦૦ થઈ હતી. ૭૪ જેટલા લાયન મેમ્બરની ઉપસ્થિત રહી હતી. પ્રોજેક્ટના ડોનર લાયન બટુક શાહ અને લાયન પરમાનંદ ઠક્કર, ચેરપર્સન લાયન પલ્લવી અગ્રવાલ તથા લાયન રાજેશ મજેઠિયા તથા ચીફ ગેસ્ટ મનીષ લાડગે અને ટીમ જીએસટી.

ચોથા સેવાકાર્યમાં ૧૫૦ દિવ્યાંગજનોને અનાજદાન કરાયું. જેની કોસ્ટ રૂા.૩૭,૫૦૦ થઈ હતી. ૭૪ લાયન મેમ્બર આ સેવા પ્રવૃત્તિમાં સંગાથી બન્યા હતા. પ્રોજેક્ટના ડોનર લાયન ભવાનજી શાહ, પ્રોજેક્ટ ચેરપર્સન લાયન નિમિષ શાહ અને ચીફ ગેસ્ટ તરીકે લાયન મનીષ લાડગે તથા ટીમ જીએસટી ઉપસ્થિત રહ્યાં હતા.

આજના દિવસનો પાંચમો સેવા કાર્યક્રમ લાયન સ્પોર્ટ પેવેલિયનમાં ૧૪૦ જેટલા લાભાર્થીઓને ડાયાલિસીસ કુપનનું વિતરણ કરાયું. પ્રોજેક્ટ કોસ્ટ રૂા.૧.૫૪ લાખ થઈ હતી. ૩૦ જેટલા લાયન મેમ્બર સેવા પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા ઉપસ્થિત રહ્યાં હતાં. પ્રોજેક્ટના ડોનર લાયન બટુક શાહ તથા મહાવીર ડેન્ટલ ક્લિનિક, પ્રોજેક્ટ ચેરપર્સન લાયન પલ્લવી અગ્રવાલ તથા લાયન શૈલેન્દ્ર મિંનોચા તથા ચીફ ગેસ્ટ લાયન મનીષ લાડગે અને ટીમ હતી.

છઠ્ઠો સેવા કાર્યક્રમ ૪૦ જેટલા જરૂરિયાતવાળાઓને ડાઈલાઝર અને ટ્યુબીનસેટ અપાયા. આ સેવા પ્રોજેક્ટની કોસ્ટ રૂા.૪૦ હજાર થઈ હતી. લાયન્સ સ્પોર્ટસ પેવેલિયનમાં યોજાયેલ આ સેવા કાર્યક્રમમાં ૩૦ લાયન મેમ્બર હાજર રહ્યાં હતાં. પ્રોજેક્ટના ડોનર લાયન નિકિતા મનીષ શાહ, લાયન અંજુ અજય આશર, લાયન અનુરાધા અશોક ગોયલ, લાયન મૃદુલા બટુકભાઈ શાહ, લાયન પલ્લવી અનિલ અગ્રવાલ, લાયન સરોજ શ્યામ મોંગીયા તથા મહાવીર ડેન્ટલ ક્લિનિક હતા. પ્રોજેક્ટના ચેરપર્સન લાયન પલ્લવી અગ્રવાલ તથા કાર્યક્રમના ચીફ ગેસ્ટ દીપક ભુરાની જીએસટી કોર્ડિનેટર તથા લાયન બટુકભાઈ શાહ













Click Here

# લાયન્સ ક્લબ ઓફ મુલુંડ દ્વારા લાયન્સ સર્વીસ વીકમાં વિવિધ સમાજ કાર્યો કરાયા








હતા.

આ દિવસે બપોરે ૧૨.૩૦ કલાકે સાતમો સેવા કાર્યક્રમ મુલુંડ રેલ્વે સ્ટેશન વોલ ઓફ કાઈન્ડેન્સના ૭ જણના સ્ટાફને રૂા.૩૫૦૦ની કોસ્ટની ગ્રોસરી અપાઈ. ૩ લાયન મેમ્બરની હાજરી હતી. આ પ્રોજેક્ટના ડોનર લાયન બટુકભાઈ શાહ હતા. પ્રોજેક્ટ ચેરપર્સન સંતોષ કર્પે અને પ્રોજેક્ટના ચીફ ગેસ્ટ તરીકે લાયન બટુકભાઈ શાહ હાજર રહ્યાં હતાં.

સાંજે ૫ કલાકે આઠમા સેવા કાર્યક્રમ અંતર્ગત માસિક દૂધ ડોનેટ સિનિયર સિટીઝન હોમ, શ્રી કેર ઓલ્ડ એજ હોમ મુલુંડ કોલોની મુલુંડ વેસ્ટમાં અપાયું પ્રોજેક્ટ કોસ્ટ રૂા.૨૫ હજાર થઈ હતી. ૧૧૪૦ લાભાર્થીઓને આનો લાભ મળ્યો હતો. ૧૩ લાયન મેમ્બર આ સેવા પ્રવૃત્તિમાં જોડાયા હતા. પ્રોજેક્ટના ડોનર લાયન બટુકભાઈ શાહ હતા. પ્રોજેક્ટ ચેરપર્સન લાયન અલકા ભીંડે તથા ચીફ ગેસ્ટ ડીસી રીલવ ધ હંગરના લાયન અનિલ સોમૈયા હતા.

લાયન સર્વીસ વીકના બીજા દિવસે તા.૩૦ સપ્ટેમ્બર સોમવારના સવારે ૧૦ કલાકે સળંગ નવમાં સેવા પ્રવૃત્તિ કાર્યક્રમમાં બદલાપુરના જીવન સંવર્ધન આશ્રમ ને રૂા.૧ લાખના ખર્ચે ત્રણ ટોયલેટ તૈયાર કરી અપાયા જેના લીધે ૪૩ લાભાર્થીઓને આ સેવા પ્રવૃત્તિનો લાભ મળશે.

આ સેવા પ્રવૃત્તિમાં ૨૫ લાયન મેમ્બર ઉપસ્થિત નોંધાવી હતી. સેવા પ્રોજેક્ટના ડોનર લાયન રોનાલ્ડ પિન્ટો, શ્રી કેશવ ગુટકા તથા શ્રીમતી રજની મહાદેવ નાઈક હતા. પ્રોજેક્ટ ચેરપર્સન, લાયન મયૂર લાખાણી અને લાયન બિપિન નાઈક હતા. ચીફ ગેસ્ટ તરીકે લાયન હનુમાન અગ્રવાલ LCIF એરિયા લીડર તથા ગેસ્ટ ઓફ ઓનર પ્રથમ વાઈસ ડિસ્ટ્રીક ગર્વનર લાયન ટ્રેવર માર્ટિસ રહ્યાં હતાં.

આ સાથો સાથ ૧૦મી સેવા પ્રવૃત્તિમાં જીવન સંવર્ધન આશ્રમ બદલાપુરના ૪૩ લાભાથીઓને ગ્રોસરી ડોનેટ કરાઈ. જે રૂા.૨૫ હજાર કિંમતની હતી. ૨૫ લાયન મેમ્બર આ સેવા પ્રવૃત્તિમાં સાથે રહ્યાં હતાં. આ સેવા પ્રોજેક્ટના દાતાત લાયન જયદોશી, લાયન નિયતિ દોશી, લાયન ગૌરવ ઠક્કર, લાયન પુષ્પલ સંઘવી, લાયન કિરણ વોરા, લાયન હિતેશ ઠક્કર, લાયન મયૂર ઠક્કર, લાયન રાજેશ લક્ષ્મણ, લાયન દિપાલી ખટાડિયા તથા વિક્રમ ઠક્કર, ચીફ ગેસ્ટ LCIF એરિયા લીડર લાયન હનુમાન અગ્રવાલ અને ગેસ્ટ ઓનર તરીકે પ્રથમ વાઈસ ડિસ્ટ્રીક્ટ ગર્વનર લાયન ટ્રેવર માર્ટિસ રહ્યાં હતાં. જ્યારે પ્રોજેક્ટ ચેરપર્સન લાયન મયૂર લાખાણી અને લાયન બિપિન નાઈક હતા.

સર્વીસ વીકનો ૧૧મો સેવા પ્રોજેક્ટ જીવન સંવર્ધન આશ્રમ બદલાપુરમાં ૪૩ બાળકોને રૂા.પાંચ હજારની કિંમતના નાસ્તા પેકેટ અપાયા હતા. આ સેવા પ્રોજેક્ટના ડોનર લાયન મયૂર લાખાણી હતા. પ્રોજેક્ટ ચેરપર્સન લાયન મયૂર લાખાણી તથા લાયન બિપિન નાઈક અને ચીફ ગેસ્ટ તરીકે લાયન હનુમાન અગ્રવાલ અને ગેસ્ટ ઓફ ઓનર ફર્સ્ટ વાઈસ ડિસ્ટ્રીક્ટ ગર્વનર લાયન













Click Here

# લાયન્સ ક્લબ ઓફ મુલુંડ દ્વારા લાયન્સ સર્વીસ વીકમાં વિવિધ સમાજ કાર્યો કરાયા






ટ્રેવર માર્ટિસ હતા.

સર્વિસ વીકનો ૧૨ થી ૧૫ સેવા કાર્યક્રમ સોમવાર, તા.30 સપ્ટેમ્બર બપોરે ૨ કલાકે રૂા.૧.૧૬ લાખ કિંમતનું વોટર કૂલર વિથ ફિલ્ટર પ્લાન્ટ સાથેનું નિર્મલાદેવી દીધે આશ્રમ કાત્રપ પાડા કુલગાંવ બદલાપુરમાં બેસાડી અપાયું. જેને લીધે ૧૨૫ લાભાર્થીઓ આ સુવિધા સેવાનો લાભ લઈ શકશે. આ કાર્યક્રમમાં ૨૯ જેટલા લાયન્સ મેમ્બર હાજર રહી સેવા પ્રવૃત્તિના સાક્ષી બન્યા હતા. આ સેવા પ્રવૃત્તિના દાતા લાયન જય દોશી, લાયન નિયતિ દોશી, લાયન પુષ્પલ સંઘવી તથા લાયન ગૌરવ ઠક્કર હતા. ચીફ ગેસ્ટ તરીકે લાયન હનુમાન અગ્રવાલ અને ગેસ્ટ ઓફ ઓનર ફર્સ્ટ વાઈસ ડિસ્ટ્રીક્ટ ગર્વનર લાયન ટ્રેવર માર્ટિસ હતા. ઉપરોક્ત સંસ્થાને રૂા.૧.૧૫ લાખનું ધ્રુમરહિત ચુલ્લો દાનમાં અપાયો. આ ચુલ્લાથી પર્યાવરણમાં ફાયદો થાય છે કારણ કે એમાં ધુમાડો ખૂબજ અલ્પ સંખ્યામાં થાય છે. આ પ્રવૃત્તિથી ૧૨૫ જણને લાભ મળશે. આ સેવા પ્રવૃત્તિના દાતા લાયન સરોજ શ્યામ મોંગિયા હતા. સંસ્થામાં ૧૩૦ જણને મીઠાઈ સાથે જમણવાર અપાયું જેની રકમ રૂા. ૭ હજાર થી હતી. આ સેવા પ્રોજેક્ટનો આર્થિક સહયોગ લાયન નિપા મયૂર લાખાણી તરફથી મળ્યો હતો. નિર્મલાદેવી દીધે આશ્રમના ૧૨૫ જણ માટે ઉપયોગી થાય એ માટે રૂા.૧૫ હજારની કિંમતના રમત ગમતના સાધનો અપાયા. આ સેવા પ્રવૃત્તિ માટેના ડોનર શુભ મયૂર લાખાણી તથા શુભમ મયૂર લાખાણી હતા. ઉપરની ચારેય સેવા પ્રવૃત્તિ માટે ચીફ ગેસ્ટ લાયન હનુમાન અગ્રવાલ તથા ગેસ્ટ ઓફ ઓનર ફર્સ્ટ વાઈસ ડિસ્ટ્રીક્ટ ગર્વનર લાયન ટ્રેવર માર્ટિસ હતા જ્યારે પ્રોજેક્ટ ચેરપર્સન તરીકે લાયન મયૂર લાખાણી અને લાયન બિપિન નાઈક હતા.

આજ દિવસે રાત્રે ૮.૩૦ કલાકે ૧૬ થી ૧૯ સેવાકાર્યો નૂતન હિન્દી રાત્રિ સ્કૂલ, આર.આર.ટી. રોડ મુલુંડ વેસ્ટમાં કાર્યન્વિત કરાયા. જેમાં રૂા.૧૦ હજારની કિંમતનું કપબોર્ડ ડોનેટ કર્યું. જેનો લાભ અત્રે ૧૧૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે તેઓને થશે. ૧૫ લાયન મેમ્બર ઉપસ્થિત રહી સેવા પ્રવૃત્તિને આશીષ આપ્યાં હતા. તે સાથો સાથ ૧૭મી સેવા પ્રવૃત્તિ અત્રે રૂા.૧૩૮૦૦ કિંમતની અભ્યાસ બુક અને શાળાપયોગી સ્ટેશનરી આપી. રાત્રિ શાળામાં અભ્યાસ કરતા ૧૧૦ વિદ્યાર્થીઓને રાતનું જમણ અપાયું. જેની કિંમત રૂા.૯ હજાર થઈ હતી. ઉપરની ૧૬,૧૭ તથા ૧૮ એ ત્રણેય સેવા પ્રવૃત્તિના ડોનર અને પ્રોજેક્ટ ચેરપર્સન લાયન ડૉ.રઘુનાથ શર્મા હતા. નૂતન હિંદી નાઈટ સ્કૂલ, આર.આર.ટી.રોડ, મુલુંડ સ્થળે મજગાંવ સ્કૂલને માટે રૂા.૨૫ હાજરની કિંમતનું લેપટોપ ભેટ અપાયું. જેનો લાભ ૪૦ વિદ્યાર્થીઓ લઈ શકશે. આ સેવા પ્રવૃત્તિના ડોનર લાયન પુષ્પલ સંઘવી હતા. તથા પ્રોજેક્ટ ચેરપર્સન લાયન ડૉ.રઘુનાથ શર્મા હતા.

લાયન સર્વીસ વીકના ત્રીજો દિવસ તા.૧ ઓક્ટોબર મંગળવારના ૨૦મી સેવા પ્રવૃત્તિ સવારે ૯.૩૦ કલાકે કન્સ્ટ્રશન સાઈટ પરના ૧૫૦ જેટલા સાઈટ વર્કરોને રૂા.૬ હજાર કિંમતનો નાસ્તો આપયો, જે માટે દાતા તરીકેનો સહયોગ લાયન પ્રશાંત ફાટક તરફથી મળ્યો હતો. ૩ લાયન મેમ્બર હાજર હતા. પ્રોજેક્ટ ચેરપર્સન લાયન પિનાકી સારંગી હતા. આજના દિવસે ૨૧મી સેવા પ્રવૃત્તિ સાંજે ૭.૩૦ કલાકે અમર નગર અભ્યાસિકામાં ૬૦ જણને પૌષ્ટિક ખોરાકનું વિતરણ કરાયું. જેનો ખર્ચ રકમ રૂા.૨ હજાર હતી. ૩ લાયન મેમ્બર ઉપસ્થિત રહ્યાં હતાં. સેવા પ્રોજેક્ટના ડોનર લાયન ધીરેન્દ્ર શાહ હતા. પ્રોજેક્ટ ચેરપર્સન લાયન ચૈતાલી ગડા હતા.

૨૨મી સેવા પ્રવૃત્તિ સવારે ૧૦ કલાકે શારદા વિદ્યામંદિર, રેડ ક્રોસ સોસાયટીની સામે, એલ.બી.એસ.માર્ગ થાણા સ્કૂલનું બ્યુટિફિકેશન રૂા.૨ લાખના ખર્ચ કરી અપાયું. જેમાં સ્કૂલ બારીમાં સ્લાડિંગ વિન્ડો અને કલર કામ કરી અપાયું. લાયન કેતન શાહના નેજા હેઠળ આ કામ થયું હતું.જેનો લાભ ૩૦૦ જેટલા લાભાર્થીઓને થયો. આ પ્રસંગે ૧૬ લાયન મેમ્બર ઉપસ્થિત રહી સહયોગી બન્યા હતા. ડોનર અને પ્રોજેક્ટ ચેરપર્સન લાયન શીલા અરોરા હતા. કાર્યક્રમના ચીફ ગેસ્ટ તરીકે પીડીજી લાયન બાબુરાવ પિસાલ હતા. ૨૩મી સેવા પ્રવૃત્તિ આજ સ્કૂલમાં રૂા.૫ હજારની કિંમતના નાસ્તોના પેકેટ ૩૦૦ વિદ્યાર્થીઓને આપ્યા. ડોનર અને પ્રોજેક્ટ ચેરપર્સન લાયન શીલા અરોરા.

સવારે ૧૧ વાગે ૨૪મો સેવા પ્રોજેક્ટ થયો. જેમાં જય વકીલ સ્કૂલના ૧૩૫ વિદ્યાર્થીઓને રૂા.૩૫ હજારની મદદથી કરાઈ. આ કાર્યક્રમમાં ૫ લાયન મેમ્બર હાજરી આપી હતી. લાયન લેડી ઓક્ઝિલરીના પ્રેસિડન્ટ લાયન રાજુલ છેડાના હસ્તે કાર્યક્રમ સંપન્ન થયું. ડોનર તરીકે લાયન સમરેશ જૈન તથા લાયન મનીષ ઠક્કર તથા














Click Here

# લાયન્સ ક્લબ ઓફ મુલુંડ દ્વારા લાયન્સ સર્વીસ વીકમાં વિવિધ સમાજ કાર્યો કરાયા





પ્રોજેક્ટ ચેરપર્સન તરીકે લાયન અર્જુલી છેડા હતા.

બપોરે ૧૨.૩૦ વાગે ૨૫મો તથા ૨૬મો સેવા કાર્ય થયું. ભારત સેવા યુથ સંઘ ઓફિસ પ્લોટ નં.૨૫૪/૨૬૦ સેક્ટર ૩૧એ વાશી, નવી મુંબઈ ખાતે ૧૫૦ જેટલા લાભાર્થીને રૂા.૬૫ હજારની કિંમતના શેતરંજી, ઓશિકા, બેડશીટ તથા ઓશિકા કવર આપયા. ૧૪ લાયન મેમ્બરની આ પ્રવૃત્તિમાં સક્રીયતા રહી હતી. ચીફ ગેસ્ટ તરીકે જીએમટી કોર્ડીનેટર લાયન ત્રિલોકી મિશ્રા અને ગેસ્ટ ઓફ ઓનર ડી.સી.ચાઈલ્ડ હુડ કેન્સર લાયન દેવ રતન ડાઘા હતા. સેવા પ્રવૃત્તિના ડોનર લાયન રાજેશ ઠક્કર જ્યારે પ્રોજેક્ટ ચેરપર્સન તરીકે મયૂર લાખાણી અને લાયન બિપિન નાઈક હતા. આ જ સ્થળે ૨૬મો સેવા કાર્યક્રમમાં ૧૫૦ જેટલા લાભાર્થીઓને ૫૦ હજારની ગ્રોસરી ભેટ અપાઈ. ડોનર તરીકે લાયન જાદવજી સાલીયા, લાયન જ્યોતિ નકમન અને લાયન વિનોદ સોમલ હતા. ચેરપર્સન મયૂર લાખાણી તથા લાયન બિપિન શાહ રહ્યાં હતાં. સેવા પ્રોજેક્ટ કાર્યક્રમના ચીફ ગેસ્ટ જીએમટી કોર્ડિનેટર લાયન ત્રિલોકી મિશ્રા જ્યારે ગેસ્ટ ઓફ ઓનર ડીસી ચાઈલ્ડ હુડ કેન્સર લાયન દેવ રતન ડાઘા હતા.

આ જ દિને સાંજે ૬ કલાકે ૨૭મો સેવા કાર્યક્રમ લાયન સ્પોર્ટસ પેવેલિયન મધે સિનિયર સિટીઝન નાઈટનું આયોજન થયું. રૂા.૧.૨૫ લાખના ખર્ચે ૩૨૫ સિનિયર સિટીઝનોએ આનો લાભ લીધો હતો અને ખૂબજ આનંદીપળો માણી હતી. ૫૦ લાયન મેમ્બરોએ હાજરી આપી હતી. તથા ડિસ્ટ્રીક્ટમાંથી પણ લાયન મેમ્બર પધાર્યા હતા. પ્રોગ્રામ પછી જમણવારનો કાર્યક્રમ યોજાયો હતો. આ સંપૂર્ણ કાર્યક્રમના ડોનર અને પ્રોજેક્ટ ચેરપર્સન લાયન મનીષ શાહ રહ્યાં હતાં. કાર્યક્રમના ચીફ ગેસ્ટ તરીકે ડિસ્ટ્રીક ગર્વનર લાયન મનીષ લાડગે, ફસ્ટ વીડીજી લાયન ટ્રેવર માર્ટિસ તથા ૨જા વીડીજી લાયન રાજેન્દ્ર શાહ હતા.

બુધવાર, તા.૨ ઓક્ટોબર ગાંધીજી જન્મ જયંતિ સર્વીસ વીકના ચોથા દિવસે સવારે ૮.૩૦ કલાકે સેવા પ્રવૃત્તિનો ૨૮મો મણકોમાં મુલુંડ રેલ્વે સ્ટેશનથી લાયન સ્પોર્ટસ પેવેલિયન સુધી સાઈટ ફર્સ્ટ ડીસી લાયન ભરત દતના નેતૃત્વમાં પ્રજ્ઞાચક્ષુની રેલી યોજી. જેમાં ૨૫ લાયન મેમ્બર ભાગ લીધો હતો. રૂા.૨ હજારનો ખર્ચ ૧૦૫ પ્રજ્ઞાચક્ષુઓ માટે કરાયો હતો. આ રેલી ડિસ્ટ્રીક ઈવેન્ટનો પાર્ટ હતો. ચીફ ગેસ્ટ તરીકે ડીજી ટીમ અને જીએસટી ટીમ હતી. સવારે ૯ કલાકે ૨૯મો સેવા પ્રોગ્રામ લાયન્સ સ્પોર્ટસ પેવેલિયનમાં લાયન્સ ક્લબ ઓફ રિજન ૫ ના સંગાથે તરૂણ મિત્ર મંડળ દ્વારા બ્લડ ડોનેશન ડ્રાઈવ થઈ હતી. ૫૫ જેટલાં લાભાર્થીઓને લાભ મળ્યો હતો. જેનો ખર્ચ રૂા.૩૫૦૦ થયો હતો. ૨૦ લાયન મેમ્બર ઉપસ્થિત રહ્યાં હતાં. ડોનર લાયન્સ ક્લબ ઓફ મુલુંડ રહી હતી પ્રોજેક્ટ ચેરપર્સન મયૂર લાખાણી તથા લાયન બિપિન નાઈક હતા. ચીફ ગેસ્ટ તરીકે લાયન જ્યુડ લોબો અને લાયન ચૈતન્ય ઠક્કર ઝોન ચેરપર્સન હતા. ૩૦મો કાર્યક્રમ ઈ વેસ્ટ કલેક્શાન ડ્રાઈવનો થયો. ક્લબના આધિપત્ય હેઠળ લાયન્સ સ્પોર્ટ પેવેલિયનમાં ચીફ ગેસ્ટ તરીકે ડીજી ટીમ અને જીએસટી ટીમ પધારી હતી. આ જ સ્થળે ૩૧મો સેવા કાર્યક્રમ ટોય કલેક્શાન ડ્રાઈવનો થયો. આ બધા ટોય જરૂરીયાતમંદને આપવામાં આવ્યા હતા. લાયન્સ ક્લબના નેતૃત્વમાં ચીફ ગેસ્ટ તરીકે ડીજી ટીમ અને જીએસટી ટીમ ઉપસ્થિત હતી. લાયન્સ સ્પોર્ટસ પેવેલિયનમાં ૩૨મો સેવા કાર્યક્રમ અંતર્ગત ૧૦૦ જેટલા લાભાર્થીઓને રૂા.૪૦ હજાર રકમનું અનાજ હેમ્પર પ્રજ્ઞાચક્ષુજનો આપી મદદ કરાઈ. ડોનર લાયન્સ ક્લબ ઓફ મુલુંડ હતી. ૨૫ લાયન મેમ્બર હાજરી આપી હતી. ડીજી ટીમ અને જીએસટી ટીમ ચીફ ગેસ્ટ પદે હતા. પ્રોજેક્ટ ચેરપર્સન લાયન પલ્લવી અગ્રવાલ અને લાયન











**Click Here**

# લાયન્સ ક્લબ ઓફ મુલુંડ દ્વારા લાયન્સ સર્વીસ વીકમાં વિવિધ સમાજ કાર્યો કરાયા











રાજેશ મજેઠિયા હતા.

સવારે ૧૧ કલાકે ૩૩મો સેવા કાર્યક્રમ સ્ટુડન્ટ માટે કોમ્પ્યુટર બેકીંગ કોર્સનો આયોજિત કરાયો હતો. રૂા.૧.૫૦ લાખના ખર્ચે ૩૦ લાભાર્થીઓએ પ્રારંભિક કોર્સનું જ્ઞાન મેળવ્યું હતું. અને આ કોર્સના વિદ્યાથીઓને બેંકમાં નોકરી મળી છે. કાર્યક્રમમાં ૧૧ લાયન મેમ્બરોની હાજરી રહી હતી. લાયન્સ ક્લબ ઓફ મુલુંડ અનુદાનિત આ સેવા પ્રોજેક્ટના ચેરપર્સન અને ડોનર લાયન અલકા ભીડે હતા. જ્યારે ચીફ ગેસ્ટ તરીકે ડીજી ટીમ અને જીએસટી ટીમ હતી. ત્યારબાદ ૩૪મો સેવા કાર્યક્રમ સ્પોર્ટસ પેવેલિયનમાં આંબિવલીની લક્ષ્મીબાઈ શૈક્ષણિક સંજીવન આદિવાસી ઉન્નતિ સંસ્થાના ૧૫૦ જણને રૂા.૨૫ હજારની ગ્રોસરી અપાઈ હતી. ૧૭ લાયન મેમ્બર હાજર રહ્યાં હતા. પ્રવૃત્તિના ડોનર તરીકે લાયન જય દોશી, લાયન નિયતિ દોશી, લાયન ગૌરવ ઠાકર, લાયન પુષ્પલ સંઘવી, લાયન કિરણ વોરા, લાયન હિતેશ ઠક્કર, લાયન મયૂર ઠક્કર, લાયન રાજેશ લક્ષ્મણ, લાયન દીપાલી ખટેડિયા તથા વિક્રમ ઠક્કર હતા. કાર્યક્રમના ચીફ ગેસ્ટ તરીકે ડીજી ટીમ અને જીએસટી ટીમ હતી. પ્રોજેક્ટ ચેરપર્સન લાયન મયૂર લાખાણી તથા લાયન બિપિન નાઈક હતા.

૩૫મો સેવા કાર્યક્રમ સવારે ૯ કલાકથી લાયન સ્પોર્ટસ પેવેલિયનમાં ઓર્થોપેડિક કેમ્પ જેમાં બીએમડી બોન મિનરલ ડેન્સિટી, બી.પી.પોઝ, પલ્સ રેટ ચેકઅપ કરાયું હતું. અને એમ.એસ. ઓર્થો.ડૉ.હિમાંશુ ખુરાના દર્દીઓને કન્સલ્ટ કર્યા હતા. રૂા.૩ હજારની સર્વે ટેસ્ટ ફી ઓફ ચાર્જ હતી. ૮૭ જેટલા લાભાર્થીઓ લાભ લીધો હતો. પ્રોજેક્ટની રકમ રૂા.૩૫૦૦ હતી. ૧૩ લાયન મેમ્બર સેવા યજ્ઞમાં સામેલ હતા. લાયન્સ ક્લબ ઓફ મુલુંડ અનુદાનિત આ કેમ્પના પ્રોજેક્ટ ચેરપર્સન લાયન મયૂર લાખાણી અને લાયન બિપિન નાઈક હતા.

૩૬મો સેવા કેમ્પ ફ્રી ડાયાબિટીસ સ્કેનીંગ, આરબીએસ ટેસ્ટ અને HbA1c ટેસ્ટ ચેકઅપનો થયો. રૂા.૨૫૦૦ ખર્ચે ૭૪ લાભાર્થીઓએ આનો લાભ લીધો હતો. ૧૮ લાયન મેમ્બરોની હાજરી રહી હતી. લાયન્સ ક્લબ અનુદાનિત આ પ્રવૃત્તિના ચીફ ગેસ્ટ લાયન અનઘા ગાંધી ડીસી ડાયાબિટીસ જ્યારે પ્રોજેક્ટ ચેરપર્સન તરીકે લાયન મયૂર લાખાણી અને બિપિન નાઈક હતા. ૩૭મો સેવા કાર્ય સાઈટ ફર્સ્ટ કેમ્પનો મુલુંડ કોલોનીની નૂતન સરસ્વતી વિદ્યાલયમાં થયો. ૧૭૪ જરૂરતમંદોએ રૂા.૨૫૦૦ ખર્ચની આ પ્રવૃત્તિનો લાભ પામ્યા હતા. લાયન્સ ક્લબ ઓફ મુલુંડ અનુદાનિહતઆ સેવા કાર્યમાં ૮ લાયન મેમ્બર જોડાયા હતા. ચીફ ગેસ્ટ તરીકે ડીસી ફર્સ્ટ સાઈટ લાયન ભરત દત હાજર રહ્યા હતાં. પ્રોજેક્ટ ચેરપર્સન લાયન હરીશ જોબનપુત્રા હતા.

બપોરે ૧૨ કલાકે મુલુંડ કોલોનીની નૂતન સરસ્વતી વિદ્યાલયની ૧૫૦ જેટલી વિદ્યાર્થીઓમાં રૂા.૭ હજારનો ખર્ચે સેનેટરી પેડ વેન્ડિગ મશીન બેસાડી અપાયું. આ પ્રવૃત્તિના ડોનર લાયન એસ.કે.પટેલ હતા. પ્રોજેક્ટ ચેરપર્સન લાયન મયૂર લાખાણી અને લાયન બિપિન નાઈક હતા. જ્યારે પ્રોગ્રામના ચીફ ગેસ્ટ પદે લાયન સુપ્રિયા કર્ણિક ડીસી વુમન હાઈજીન હતા.

લાયન્સ ક્લબ સર્વીસ વીકના પાંચમાં દિવસ તા.૩ ઓક્ટોબર ગુરૂવારના સવારે ૯ કલાકે નવભારત સ્કૂલમાં ડેન્ટલ કેમ્પ યોજાયો હતો. જેનો ૨૩૦ વિદ્યાર્થીઓનું ચેકઅપ કરાયું હતું. લાયન્સ ક્લબ ઓફ મુલુંડ અનુદાનિત આ પ્રોજેક્ટના માટે રૂા.૨૫૦૦ નો ખર્ચ થયો હતો. પ્રોજેક્ટ ચેરપર્સન લાયન મયુર લાખાણી અને લાયન બિપિન નાઈક જ્યારે કાર્યક્રમના ચીફ ગેસ્ટ તરીકે ડીસી મર્સી મિશન લાયન ધીરેન શાહ હતા.

સવારે ૧૧ કલાકે નવભારત સ્કૂલ મુલુંડમાં સેવા કાર્યક્રમ ૪૦ અને ૪૧ મો થયો. જે અંતર્ગત ૩૫૦ જેટલા વિદ્યાર્થીઓ લાભ લઈ શકે એ માટે રૂા.૪૮ હજારનું વોટર કૂલરનું સ્થાપન કરાયું. જેમાં ડોનર લાયન માયા ગિરીશ કોઠારી હતા. તે બાદ અત્રે જ શાળામાં ૩૫૦ વિદ્યાર્થીઓને ઉપયોગી થાય એવા રૂા.૧૦ હજારની કિંમતનું સંગીત માટેના સાધનો ડોનેટ કરાયા હતા. જેના ડોનર હ તા લાયન વી.ડી.પાસડ, પ્રોજેક્ટ ચેરપર્સન લાયન મયૂર લાખાણી અને લાયન બિપિન નાઈક હતા. આ બન્ને સેવા પ્રવૃત્તિ કાર્યક્રમના ચીફ ગેસ્ટ લાયન ધીરેન્દ્ર શાહ ડીસી મર્સી મિશન હતા. કાર્યક્રમમાં ૧૫ લાયન મેમ્બર હાજર હતા. બપોરે ૧ થી ૫ દરમ્યાન પ્રોજેક્ટ ૪૨ અને ૪૩ અંતર્ગત દયાનંદ વૈદિક વિદ્યાલયમાં ૧૭૦ વિદ્યાર્થીઓએ ફર્સ્ટ સાઈટ કેમ્પનો લાભ લીધો હતો. લાયન્સ ક્લબ ઓફ મુલુંડ હસ્તકના આ પ્રોજેક્ટ માટે રૂા.૨૫૦૦નો ખર્ચ થયો હતો. પ્રોજેક્ટ ચેરપર્સન લાયન હીરશ જોબનપુત્રા હતા. તે ઉપરાંત અત્રેની શાળાના ૭૦ જેટલા વિદ્યાર્થીઓને ઉપયોગી થાય એ માટે કોમ્પ્યુટર ડોનેટ કરાયું. જેની કિંમત રૂા.૨૫ હજાર હતી. ડોનર લાયન પુષ્પલ સંઘવી હતા. ઉપરોક્ત બંન્ને સેવા પ્રવૃત્તિમાં ૬ લાયન મેમ્બર પધાર્યા હતા. કોમ્પ્યુટર ડોનેટ પ્રોજેક્ટના ચેરપર્સન લાયન મયૂર લાખાણી તથા લાયન બિપિન લાખાણી હતા. બંન્ને સેવા પ્રવૃત્તિ કાર્યક્રમના ચીફ ગેસ્ટ લાયન ભરત દત ડીસી ફર્સ્ટ સાઈટ રહ્યાં હતાં.

બપોરે ૩ કલાકે લાયન્સ સર્વીસ વીકનો ૪૪મો એવમ ૪૫મો સેવા કાર્યક્રમ કમલા મહેતા બ્લાઈન્ડ સ્કૂલ દાદરમાં થયો. ૧૭૪ લાભાર્થીઓને રૂા.૩૮ હજાર કિંમતના ઈલેક્ટ્રિક સાધનો વોલ ફેન, સ્ટાયલેર અને અર્થમેટિક મશીનની ભેટ ડોનર લાયન શૈલજા શાહના મદદથી અપાઈ. અન્ય સેવા પ્રવૃત્તિમાં અત્રે લાયન પલ્લવી અગ્રવાલ અને લાયન રાજેશ મજેઠિયાની સહાયથી મિક્ષ્ચર ગ્રાઉન્ડર અને એલઈડી બલ્બ રૂા.૧૦ હજાર કિંમતના અપાયા. આ સેવા પ્રવૃત્તિના ચેરપર્સન લાયન મયૂર લાખાણી તથા લાયન બિપિન નાઈક જ્યારે પ્રોજેક્ટના ચીફ ગેસ્ટ લાયન રાજેન્દ્ર શાહ પ્રથમ વ્હીડીજી રહ્યાં હતાં. આ સેવા કાર્યક્રમમાં

Click Here

# લાયન્સ ક્લબ ઓફ મુલુંડ દ્વારા લાયન્સ સર્વીસ વીકમાં વિવિધ સમાજ કાર્યો કરાયા







૧૪ લાયન મેમ્બર ઉપસ્થિત નોંધાવી હતી.

સાંજે ૫.૩૦ કલાકે ડૉ. મેહુલ ક્લિનિક પરેલમાં લાયન્સ ક્લબના અનુદાનથી રૂા.૧૫ હજારની કિંમતના ન્યુટ્રિશનલ ગ્રોસરી હેમ્પર ૧૨૦ કેન્સર પેશન્ટને અપાયા. કેન્સર પેશન્ટને પ્રોટીન મળે એ માટે ૫૦ કિલો સતુ પાવડર જેની વેલ્યુ રૂા.૭૫૦૦ હતી તે લાયન મયૂર લાખાણીના ડોનેશનથી અપાયું. જેમાં ૧૪ લાયન મેમ્બર ઉપસ્થિત રહ્યાં હતા. આ સેવા પ્રોજેક્ટ નં.૪૬મો ક્લબ દ્વારા થયો હતો. ૪૭મો સર્વીસ પ્રોજેક્ટ ડૉ.મેહુલ ક્લિનિક દાદરને રૂા.૧૧ હજાર મૂલ્યની બે વ્હીલચેર અપાઈ. તેના ડોનર લાયન હિરેન કોઠારી હતા. આ બંન્ને સેવા કાર્યક્રમ માટે ચીફ ગેસ્ટ તરીકે લાયન સુકુમાર સાખરડંડે ડીસી ચાઈલ હુડ કેન્સર ઉપસ્થિત રહ્યાં હતાં.

બપોરે ૩.૩૦ કલાકે ૪૮મો સેવા પ્રોજેક્ટ ઉત્કર્ષ હોસ્પિટલ ભાંડુપમાં શિલ્પા છેડાના રૂા.૧ હજારના ડોનેશનથી ૩૦ જેટલા શ્વાનોને મિલ્ક ફીડીંગ અને બિસ્કિટ આપયા. પ્રોજેક્ટ ચેરપર્સન લાયન હેતલ ગડા હતા.

લાયન્સ સર્વીસ વીકના છઠા દિવસે તા.૪ ઓક્ટોબર શુક્રવારના સેવા પ્રોજેક્ટ ૪૯ થી ૫૨ કરાયા. પરેલની વાડીયા હોસ્પિટલમાં થયેલ પ્રોજેક્ટ ૪૯માં ૧૨૦ દર્દીઓના ફેમિલી મેમ્બરોને રૂા.૫૦૦૦નો સ્વાદિષ્ટ નાસ્તો આપયો. જેના ડોનર લાયન પૂજા ચેતન વસા રહ્યાં હતાં. સેવા પ્રોજેક્ટ ૫૦ અંતર્ગત લાયન હેમંત સાવલાના અનુદાનથી ૧૦૦ જેટલા કેન્સર પેશન્ટના પરિવારના સભ્યોને રૂા.૧૦ હજાર શુલ્કના ટિફિન બોક્સ આપી મદદ કરાઈ.

સેવા પ્રોજેક્ટ ૫૧મા કેન્સર પીડિત ૫૦ જેટલા દર્દીઓને રૂા.૫ હજારનું ડ્રાયફ્રુટસ ડિસ્ટ્રયુબિટ કરાયું. જે માટે અજ્ઞાત દાતા એ મદદ કરી હતી. એવા પ્રોજેક્ટ ક્રમાંક ૫૨માં ૫૦ જેટલા બાળ દર્દીઓને જ્ઞાન, શિક્ષણ, મનોરંજન માટે રૂા.૬ હજારની કિંમતના કલર અને કલરબુકનું વિતરણ કરાયું. આ ચાર પ્રોજેક્ટમાં ૩ લાયન મેમ્બર ઉપસ્થિત રહી સહયોગી થયાં હતા.

સવારે ૯ કલાકે લાયન્સ સ્પોર્ટસ પેવેલિયનમાં પ્રોજેક્ટત ૫૩, ૫૪ અને ૫૫ હેઠળનો પ્રથમ સેવા કાર્યક્રમ ૫૫ સિવણ મશીન વિતરીત કરાયા. જેની કિંમત ૫.૫૦ લાખ હતી. સેવા પ્રોજેક્ટ ૫૪માં સોતા ભવન, મુલુંડ પૂર્વમાં મુલુંડ ઈસ્ટ વ્યાપારી એસોસિએશન વેલ્ફેર ટ્રસ્ટના સહયોગથી કેન્સર પેશન્ટ માટે સમર્પિત કેમો સેન્ટરનું સ્થાપન કરાયું. રૂા.૫૪ હજારના સહયોગી ડોનર લાયન ધીરેન્દ્ર શાહ રહ્યાં. ઉપરના બંન્ને પ્રોજેક્ટના ચેરપર્સન લાયન ધીરેન્દ્ર શાહ હતા. એવા પ્રોજેક્ટ ૫૫ મુજબ હેલ્પ ધ હેન્ડીક્રાપ્ટ કેમ્પમાં ૧૨ જેટલા લાભાર્થીઓને રૂા.૯૮ હજારની વ્હીલચેર આપી હતી. જેમાંથી ૧ વ્હીલચેર માટે અનુદાન લાયન હીરેન કોઠારીનું મળ્યું હતું. પ્રોજેક્ટ ચેરપર્સન લાયન ભવાનજી શાહ હતા. ઉપરના ત્રણ સેવા પ્રોજેક્ટ ૫૩,૫૪,૫૫ના ચીફ ગેસ્ટ ડીજી ટીમ અને જીએસટી ટીમ હતી.

આજના દિવસે સેવા પ્રોજેક્ટ ૫૬ થી ૫૯



















**Click Here**

# લાયન્સ ક્લબ ઓફ મુલુંડ દ્વારા લાયન્સ સર્વીસ વીકમાં વિવિધ સમાજ કાર્યો કરાયા





અંતર્ગત ઝેડ.પી.સ્કૂલ ઓશારવીરા દહાણુમાં ૩૦૦ વિદ્યાર્થીઓને ઉપયોગી થઈ શકે એવા રૂા.૭.૫૦ લાખની કિંમતના બે ક્લાસ રૂમનું કન્સ્ટ્રક્શન લાયન લેડી ઓક્ઝિલરીના સાથથી કરી અપાયું. જેના ડોનર લાયન નિકિતા મનીષ શાહ, લાયન સરોજ શ્યામ મોંગિયા, લાયન અન્જુ અજય આશર, લાયન અનુરાધા અશોક ગોયલ, લાયન શૈલજા ચેતન શાહ, લાયન અર્જુલી છેડા તથા લાયન અલકા ભીંડે હતા. આ સેવા પ્રોજેક્ટના ચેરપર્સન લાયન અર્જુલી છેડા હતા. સેવા પ્રોજેક્ટ ૫૭મો ૩૦૦ વિદ્યાર્થીઓને રૂા.૫ હજારની કિંમતના ડ્રોઈંગ મટિરિયલનું ડિસ્ટ્રીબ્યુટેશન કર્યું સાથે સાથે ૨૦૦ વિદ્યાર્થીનીઓને પર્સનલ હાઈજેનિક મટે સગવડ રૂપ થાય એ માટે રૂા.૨૫૦૦ કિંમતના સેનેટરી નેપકિન વિતરીત કરાયા. ઉપરના બંન્ને સેવા પ્રોજેક્ટ લાયન્સ ક્લબ ઓફ મુલુંડ અનુદાનિત હતા. સેવા પ્રોજેક્ટ ૫૯માં ૨૫૦ વિદ્યાર્થીઓને રૂા.૫૦ હજાર કિંમતની સ્કૂલ બેગ આપી. જેના ડોનર હતા લાયન અર્જુલી છેડા તથા લાયન અલકા ભીંડે તથા પ્રોજેક્ટ ચેરપર્સન લાયન અર્જુલી છેડા તથા લાયન અલકા ભીંડે હતા. ઉપરના દહાણુમાં થયેલ ચાર પ્રોજેક્ટ કાર્યક્રમના ચીફ ગેસ્ટ લાયન મનીષ લાડગે ડીસ્ટ્રીક ગર્વનર અને ગેસ્ટ ઓફ ઓનર લાયન દીપક ભુરાની જીએસટી કોર્ડીનેટર રહ્યાં હતાં. ૧૨ લાયન મેમ્બરની હાજરી હતી.

બપોરે ૨.૪૫ કલાકે સેવા પ્રોજેક્ટ ૬૦ તથા ૬૧ સંપન્ન કર્યો. દહાણુના સુયશ ફાઉન્ડેશનના ૪૫ જેટલા સિનિયર સિટીઝન માટે રૂા.૨૫ હજારની કિંમતની ગ્રોસરી અપાઈ તથા અન્ય પ્રોજેક્ટ અંતર્ગત મુરબાડમાં ૪ ચેક ડેમ પ્રતિ ૭૫ હજારના ખર્ચે કુલ્લ ૩ લાખના ખર્ચે તૈયાર કરી લોકોને સુવિધા અર્થે ભેટ આપયા. પાંચ લાયન મેમ્બરોની ઉપસ્થિતિ હતી. આ બંન્ને સેવા કાર્યમાં લાયન્સ ક્લબ ઓફ મુલુંડ સાથે પૂનજલી ચેરિટેબલ ટ્રસ્ટ, લાયન શંભુ માધવન તથા લાયન ભરત છેડા અને લાયન ધીરેન્દ્ર શાહ ડોનર તરીકે સહભાગી થયાં હતા. પ્રોજેક્ટ લાયન્સ ક્લબ ઓફ મુલુંડ દ્વારા થયો જેના ચીફ ગેસ્ટ તરીકે ડીજી ટીમ અને જીએસટી ટીમ હતી.

લાયન્સ સર્વીસ વીકનો સાતમો દિવસ શનિવાર, તા.૫ ઓક્ટોબરના સેવા પ્રોજેક્ટ ૬૨, ૬૩ અને ૬૪ અંતર્ગત કુડુસની આદર્શ હિંદી પાઠશાલાને રૂા.૯.૭૫ લાખની કિંમતનો શેડ નિર્માણ કરી અપાયું. જેનો લાભ ૧૮૦ વિદ્યાર્થીઓ લઈ શકશે. જેના ડોનર એસ.એન.અગ્રવાલ રહ્યાં. પ્રોજેક્ટ ચેરપર્સન લાયન ડૉ.રઘુનાથ શર્મા હતા.

આ ઉપરાંત તેઓ પોતાની રીતે સ્વ રોજગાર મેળવી શકે એ માટે ૧૨ સિલાઈ મશીન અપાયા. આ સેવા પ્રવૃત્તિના ડોનર લાયન રઘુનાથ શર્મા હતા. આ પ્રોજેક્ટ આયોજન કરવા લાયન ધીરેન્દ્ર શાહનો સહયોગ મળ્યો હતો.

સેવા પ્રોજેક્ટ ૬૩માં ૫૦ વિદ્યાર્થીનીઓ માટે સેનેટરી નેપકિન રૂા.૨૫૦૦ના કિંમતના અને ૬૪મા સેવા પ્રોજેક્ટ અંતર્ગત ૧૮૦ શાળા વિદ્યાર્થીઓને માટે રૂા.૧૫ હજાર કિંમતની નોટબુક અને સ્ટેશનરી આઈટમની સહાય અપાઈ. આ પ્રોજેક્ટ લાયન્સ ક્લબ ઓફ મુલુંડના અનુદાનથી થયો. કુડુસની આદર્શ હિંદી પાઠશાલામાં થયેલ પ્રોજેક્ટ કાર્યક્રમના ચીફ ગેસ્ટ તરીકે ડિસ્ટ્રીક ટ્રેઝરર લાયન આનંદ અગ્રવાલ તથા રિજનલ ચેરપર્સન લાયન મયૂર લાખાણી હતા. સેવા પ્રોજેક્ટ ૬૫મો બપોરે ૧ વાગે દર માસે આખા વર્ષ દરમ્યાન અપાતી ગ્રોસરી ડોનેશનનો લાભ ૧૨૦ જણને મળ્યો. જેની કિંમત રૂા.૩૦ હજાર નિર્ધારીત હતી. આ પ્રવૃત્તિના ડોનર તથા પ્રોજેક્ટ ચેરપર્સન લાયન ડૉ.રઘુનાથ શર્મા જ્યારે કાર્યક્રમના ચીફ ગેસ્ટ તરીકે ડિસ્ટ્રીક ટ્રેઝરર લાયન આનંદ અગ્રવાલ તથા રિજનલ ચેરપર્સન લાયન મયૂર લાખાણી હતા. ઉપરના ચારેય સેવા કાર્યક્રમમાં ૨૦ લાયન મેમ્બર સેવા પ્રવૃત્તિમાં પ્રોત્સાહિત કરવા ઉપસ્થિત રહ્યાં હતાં.

લાયન્સ સર્વીસ વીકનો આઠમો દિવસ રવિવાર, તા.૬ ઓક્ટોબરના ૬૬મા પ્રોગ્રામ અંતર્ગત સવારે ૯.૩૦ કલાકે ૧૫૦ જેટલા કન્સ્ટ્રક્શન સાઈટના લેબરોને રૂા.૬ હજારની રકમનો બ્રેક ફાસ્ટ સાઈટ પર વિતરીત કરાયો. પ્રોજેક્ટ ચેરપર્સન લાયન પિનાકી સારંગી હતા.

બપોરે ૩.૩૦ કલાકે ૬૭ મો પ્રોજેક્ટ અંતર્ગત ઉત્કર્ષ હોસ્પિટલ ભાંડુપના શ્વાનોને પનીર ફીડીંગ રૂા.૨ હજાર કિંમતનું અપાયું. ડોનર રોટી બેન્કના વોલિયન્ટર તથા પ્રોજેક્ટ ચેરપર્સન લાયન હેતલ










Click Here

# લાયન્સ ક્લબ ઓફ મુલુંડ દ્વારા લાયન્સ સર્વીસ વીકમાં વિવિધ સમાજ કાર્યો કરાયા






ડિસ્ટ્રીક લાયનના ફાઈનલ પ્રોગ્રામમાં ફોટો ડિસપ્લે લાયન લેડી ઓક્ઝિલરી વિભાગમાં લાયન લેડી ઓક્ઝિલીરી મુલુંડને ફર્સ્ટ પ્રાઈઝ વિજેતાનું ગૌરવ મળ્યું.




બંત ભવન કુરલામાં ફાઈનલ ડે ઈવેન્ટમાં અત્રે ડિસ્ટ્રીક લાયન્સ ક્લબ ફાઈનલ ફોટો ડિસપ્લે હરીફાઈમાં લાયન્સ ક્લબ ઓફ મુલુંડને સેકન્ડ પ્રાઈઝ વિજેતાનું ગૌરવ મળ્યું અને વીડિયો ઓફ ધ વીક વિભાગમાં ફર્સ્ટ પ્રાઈઝ મેળવ્યું હતું.









ગડા હતા.

સવારે ૮ કલાકે બંત ભવન કુરલામાં ફાઈનલ ડે ઈવેન્ટમાં હાજરી નોંધાવી. અત્રે ડિસ્ટ્રીક લાયન્સ ક્લબ ફાઈનલ ફોટો ડિસપ્લે હરીફાઈમાં લાયન્સ ક્લબ ઓફ મુલુંડને સેકન્ડ પ્રાઈઝ વિજેતાનું ગૌરવ મળ્યું અને વીડિયો ઓફ ધ વીક વિભાગમાં ફર્સ્ટ પ્રાઈઝ મેળવ્યું.

સર્વીસ વીકનો અંતિમ ૬૯મો સેવા પ્રોજેક્ટ સવારે ૧૦ વાગે લાયન્સ સ્પોર્ટસ પેવેલિયનમાં રેગ્યુલર ૭૫ જેટલા લાભાર્થીઓને રૂા.૫૬૨૫૦નું અનાજ દાન અપાયું. કુલ્લ ૧૭ લાયન મેમ્બરની હાજરી રહી હતી. ડોનર લાયન બટુક શાહ અને લાયન પરમાનંદ ઠક્કર તથા પ્રોજેક્ટ ચેરપર્સન લાયન પલ્લવી અગ્રવાલ તથા લાયન રાજેશ મજેઠિયા રહ્યાં હતાં.

લાયન્સ સર્વીસ વીકના આઠેય દિવસ સમાજ કલ્યાણ પ્રવૃત્તિ સ્વાસ્થ્ય ઉપયોગી સેવા, વિદ્યાર્થી છાત્રો, મહિલાઓ, વિદ્યાર્થીઓને ઉપયોગી વસ્તલુઓ, અંતરિયાળ ગામડાઓના વંચિત લોકોના કલ્યાણ માટેના સાધનો પર્યાવરણ રક્ષણ માટેની પ્રવૃત્તિઓ સાથે સતત કામગીરી ભર્યું રહ્યું હતું. કુલ્લ ૮૮૬૩ જેટલા લાભાર્થીઓને કુલ્લ રૂા.૪૨૦૯૫૫૦ની રકમ વિવિધ ડોનરોની મદદ અને લાયન્સ ક્લબ ઓફ મુલુંડના ભંડોળ સહાયથી કરાઈ. કુલ્લ ૬૯ જેટલા વિવિધ સેવા કાર્યક્રમો ૧૧૨૪ લાયન્સ મેમ્બર હાજરી આપી. ૪૭૬૨ લાયન્સ અવરનું પ્રદાન આપ્યું હતું.

સમાજની સેવા સમાજનું કલ્યાણ ભાવ રાખી લાયન્સ ક્લબ ઓફ મુલુંડ વર્ષોની પરંપરા જાળવી માત્ર મુલુંડ અને આસપાસ પરિસરમાં જ નહીં પણ અન્યત્ર અને અંતરિયાળ ગામડાઓમાં સેવા માટે સંકલ્પ ભાવ ધરાવે છે. સર્વીસ વીકમાં થયેલા ઉપયોગી સમાજ કલ્યાણના સેવાકાર્ય થવા બદલ પ્રેસિડન્ટ ભરત છેડા સાથ આપનાર સૌ લાયન મેમ્બરો, સર્વીસ વીક માટે તન, મન, ધનથી સાથ આપનાર દાતાઓ અને લાયન્સ ક્લબના સ્ટાફનો સાથ સહકાર માટે આભાર વ્યક્ત કર્યો હતો.














Click Here

# લાયન્સ લેડી ઓક્ઝિલરી મુલુંડ દ્વારા લાયન્સ સર્વીસ વીક અંતર્ગત વિવિધ સમાજપયોગી સેવા કાર્યો કરાયા







લાયન લેડી ઓક્ઝિલરી દ્વારા તા.૨૯ સપ્ટેમ્બર શનિવારથી તા.૬ ઓક્ટોબર રવિવાર સુધી પ્રેસિડન્ટ લાયન લેડી રાજુલ છેડાના નેતૃત્વ હેઠળ સેક્રેટરી લાયન લેડી મીનલ નાઈક, ટ્રેઝરર લાયન લેડી નીપા લાખાણી અને સર્વીસ વીક ચેરપર્સન લાયન લેડી અલકા ભીંડે તથા લાયન લેડી અર્જુલી છેડાના સાથ સંગાથી વિવિધ સમાજપયોગી સેવા કાર્યોની શ્રૃંખલા કરાઈ હતી.

લાયન્સ સર્વીસ વીકના પ્રથમ દિવસે શનિવાર, તા.૨૯ સપ્ટેમ્બર પ્રથમ સેવા કાર્ય સવારે ૯.૩૦ કલાકે રીજન લોચિંગ કરાયું. આજના દિવસનો બીજો કાર્યક્રમ સવારે ૧૦.૩૦ વાગે લાયન્સ સ્પોર્ટસ પેવેલિયનમાં રૂા.૪૮ હજારનની રકમના ડાયાલિસીસ ટ્યુબીંગ અને ઈન્જેક્શન ૪૦ જેટલા વિતરીત કરાયા. સેવા પ્રવૃત્તિના ડોનર લાયન લેડી બિના ખોના, લાયન લેડી કસ્તુર કારાણી, લાયન લેડી ઈન્દિરા શર્મા, લાયન લેડી જયંતિ જૈન, લાયન લેડી રસિલા ગોર, લાયન લેડી કિરણ સુદ, લાયન લેડી રીટા કતિયાલ, લાયન લેડી ભાવના લાખાણી, લાયન લેડી રેણુકા શાહ, લાયન લેડી સંગીતા અગ્રવાલ, લાયન લેડી આરતી દોશી, લાયન લેડી વાસંતી લોડાયા અને લાયન લેડી રાજુલ છેડા હતા. સેવા કાર્યક્રમના ચીફ ગેસ્ટ ડિસ્ટ્રીક ગર્વનર મનીષ લાડગે તથા ફર્સ્ટ લેડી ઓફ ડિસ્ટ્રીક લાયન લેડી સીમા લાડગે હતા.

સવારે ૧૦.૪૫ કલાકે ત્રીજો સેવા કાર્ય ૧ કેન્સર પેશન્ટને મેડિકલ હેલ્પ રૂા.૫ હજાર લાયન લેડી બિના ખોના દ્વારા અપાઈ.

સવારે ૧૧ વાગ્યે ચોથા કાર્યક્રમ અંતર્ગત લાયન લેડી અલકા ભીંડે દ્વારા રૂા.૫ હજારની ટેકસ્ટ બુક ૧૧મા ધોરણના વિદ્યાર્થી રૂદ્ર અનિલ માણીને આપી.

સવારે ૧૧.૧૫ કલાકે પાંચમો સેવા કાર્યક્રમ ૩ સિલાઈ મશીન રૂા.૨૨૫૦૦ની કિંમતના ડોનર લાયન લેડી દીપ્તિ જોબનપુત્રા તરફથી ૨ અને લાયન લેડી કસ્તુર કારાણી તરફથી ૧ સિલાઈ મશીન ડોનેટ કરાયા.

આજ દિવસે સાંજે ૫ કલાકે સેવાકાર્ય ૬,૭,૮,૯ અને ૧૦ મુલુંડ કોલોની સ્થિત શ્રી કેર ઓલ્ડ એજ હોમના ૮૦ જેટલા નિવાસીઓને રૂા.૨૪ હજારની કિંમતની બેડશીટસ, વિથ પીલો કવર સાથે આપી. આ સેવા પ્રવૃત્તિના ડોનર લાયન લેડી દીના ગડા, લાયન લેડી રેખા જાજુ, લાયન લેડી શૈલજા શાહ, લાયન લેડી માયા કોઠારી, લાયન લેડી મૃણાલિની પાટીલ તથા લાયન લેડી શિલ્પા શાહ રહ્યાં હતાં.

સાતમો સેવા કાર્ય શ્રી આદર્શ કેર ઓલ્ડ એજ હોમમાં ૪૦ સોલાપુરી ચાદરની ભેટ આપી. રૂા.૧૨ હજાર કિંમતની આ ભેટના ડોનર લાયન ઈન્દિરા શર્મા, લાયન કસ્તુર કારાણી, લાયન લેડી રેણુકા શાહ, લાયન લેડી દીપ્તિ જોબનપુત્રા અને લાયન લેડી જસ્મીન છેડા હતા. આઠમા સેવા કાર્યક્રમ અંતર્ગત રૂા.૬ હજારની કિંમતના એડલ્ટ ડાયપર લાયન લેડી રાજુલ કુવાડીયાની મદદ દ્વારા શ્રી કેર ઓલ્ડ એજ હોમને અપાયા. તે સાથો સાથ ૯મા સેવા કાર્યમાં રૂા.૧૫ હજારની ગ્રોસરી અત્રે ઓલ્ડ એજ હોમને રૂા.૧૫ હજારની કિંમતની ડોનર લાયન લેડી ભાવના લાખાણી, લાયન લેડી રેણુકા શાહ, લાયન લેડી સુષમા અગ્રવાલ, લાયન લેડી દીપ્તિ જોબનપુત્રા અને લાયન લેડી પ્રીતિ કોટકની ઉદાર મદદથી આપયા હતા.













Click Here

# લાયન્સ લેડી ઓક્ઝિલરી મુલુંડ દ્વારા લાયન્સ સર્વીસ વીક અંતર્ગત વિવિધ સમાજપયોગી સેવા કાર્યો કરાયા





કેર ઓલ્ડ એજ હોમ મુલુંડ કોલોનીના ૪૦ લેડી નિવાસીઓને રૂા.૨૨ હાજરની કિંમતના નાઈટ ગાઉનની મદદ અપાઈ જેના ડોનર હતા મધુબેન અને શારદાબેન આ સેવા કાર્ય પ્રથમ દિવસનો ૧૦મો હતો.

રાતે ૧૧ વાગે ૧૧મા સેવા કાર્ય અંતર્ગત પ્રોજેક્ટ ચેરપર્સન અને ડોનર લાયન લેડી માયા કોઠારીની દ્વારા દરરોજ રૂા.૧ હજાર કિંમતનું શ્વાનોને ખાવાનું અપાયું હતું.

લાયન્સ સર્વીસ વીકના બીજા દિવસે તા.૩૦ સપ્ટેમ્બર સોમવારના દિવસે ૭ કલાકે આજના સેવા કાર્યોના ચીફ ગેસ્ટ એરિયા કોર્ડીનેટર LCIF લાયન હનુમાન અગ્રવાલ સાથે બસમાં બદલાપુર તરફ પ્રયાણ કર્યું. પ્રથમ સેવા કાર્યક્રમ અને સળંગ બારમો સેવાકાર્ય સવારે ૯ કલાકે રૂા.૨૫ હજારની કિંમતનું રેફ્રિજેટર ડોનર લાયન લેડી અલકા ભીડે અને લાયન લેડી અર્જુલી છેડાની ઉદાર સહાયથી સંગોપિતા આશ્રમ બદલાપુરને આપયું હતું.

સળંગ ૧૩મા સેવા કાર્ય અંતર્ગત રૂા.૨૫ હજારની ગ્રોસરી સંગોપિતા આશ્રમ બદલાપુરને આપી હતી. આ સેવાકાર્ય માટે લાયન લેડી હિરન કોઠારી, લાયન લેડી દીના ગડા, લાયન લેડી મીનલ નાઈક, લાયન લેડી નીતા ઠક્કર, લાયન લેડી જયંતિ જૈન અને લાયન લેડી મીના કોઠારીનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

સવારે ૧૦ કલાકે ૧૪મા સેવા પ્રોજેક્ટમાં જીવન સંવર્ધન આશ્રમ બદલાપુરના ૫૦ જેટલી નિવાસી વિદ્યાર્થીનીઓને શાળાપયોગી સ્ટેશનરી આઈટમો રૂા.૪૫૦૦ મૂલ્યની લાયન લેડી ઓક્ઝિલરી મેમ્બરના યોગદાનથી અપાઈ. સળંગ ૧૫ સેવા પ્રોજેક્ટ અંતર્ગત આ જ આશ્રમના ૫૦ બાળકોને માટે રૂા.૧ હજાર કિંમતના સ્નેક્સ અને સ્ટેશનરી લાયન લેડી અલકા ભીંડે તથા લાયન લેડી અર્જુલી છેડાના અનુદાનથી અપાયું.

બપોરે ૧.૩૦ વાગ્યે દીધે આશ્રમ બદલાપુરમાં રીલે ધ હંગરનો પ્રોગ્રામ કરી ૧૨૦ જેટલા નિવાસીઓને માટે રૂા.૭ હજારની ખાદ્ય વાનગીઓ લાયન લેડી નિપા લાખાણીના સહયોગ માધ્યમથી આપી હતી. આ જ આશ્રમના ૧૨૦ જણને ૧૭મા સેવા પ્રોજેક્ટ અંતર્ગત લાયન લેડી અલકા ભીંડે તથા લાયન લેડી અર્જુલી છેડાની મદદથી રૂા.૨૫૦૦ કિંમતના નાસ્તા તથા સ્ટેશનરી આઈટમ વિતરીત કરી હતી.

રાતે ૮.૩૦ વાગે આજના બીજા દિવસનો ૭મો કાર્યક્રમ અને લાયન્સ સર્વીસ વીકનો સળંગ ૧૮મો સેવા પ્રકલ્પ આર.આર.ટી.રોડ મુલુંડની નાઈટ સ્કૂલના ૭૦ અભ્યાસુ વિદ્યાર્થીઓને રીલીવ ધ હંગર અંતર્ગત રૂા.૧૦ હજાષરની લાયન લેડી ઈન્દિરા શર્માની ઉદાર મદદથી સ્વાદિષ્ટ અને તાજો આહાર અપાયો હતો.

૧૯મા પ્રોજેક્ટ હેઠળ આજના દિવસનો અંતિમ સેવા પ્રકલ્પ રાતે ૧૧ વાગ્યે પ્રોજેક્ટ ચેરપર્સન અને ઉદારદિલ ડોનર લાયન લેડી માયા કોઠારીની મદદથી રૂા.૧૦૦૦ ની કિંમતનું ફિડીંગ શ્વાનોને અપાયું. આ જીવદયા કાર્ય સર્વીસ વીક દરમ્યાન રોજ થશે.

















Click Here

# લાયન્સ લેડી ઓક્ઝિલરી મુલુંડ દ્વારા લાયન્સ સર્વીસ વીક અંતર્ગત વિવિધ સમાજપયોગી સેવા કાર્યો કરાયા






લાયન્સ સર્વીસ વીકના ત્રીજા દિવસે તા.૧ ઓક્ટોબર મંગળવારના સવારે ૧૦.૩૦ વાગે સર્વીસ વીકનો સળંગ ૨૦ મો સેવા પ્રોગ્રામ પુર્વા ફાઉન્ડેશન મુલુડ પૂર્વ મધે રૂા.૫૦ હાજરની વેલ્યુનું લેપટોપ, થેરેપી ટોયસ, ચેર તથા બુકનું ડોનેશન લાયન લેડી રાજુલ છેડાની ઉદાર સખાવતની મદદથી કરાયું. આ પ્રસંગે ચીફ ગેસ્ટ ફર્સ્ટ લેડી ઓફ ધ ડિસ્ટ્રીક લાયન લેડી સીમા લાડગે હાજર રહ્યાં હતાં.

બપોરે ૧૨.૩૦ થી કામા રોડ ઘાટકોપરની કન્યાશાળા મધે આજના દિવસનો દ્વિતીય સેવા પ્રોજેક્ટ અને સર્વીસ વીકનો સળંગ ૨૧ થી ૩૦ સેવા કાર્યક્રમ પાર પાડ્યા. જેમાં પ્રથમ ૨૧મો સેવા પ્રોજેક્ટમાં ૪ નંગ તાઈ કોવોનડિફો હેટચડ ગાર્ડ રૂા.૧૬ હજારની કિંમતના લાયન લેડી શૈલેજા શાહની મદદથી આપયા.

અન્ય સેવા પ્રકલ્પ નં.૨૨માં ૪ નંગ તાઈકોવોન્ડો ચેસ્ટ ગાર્ડ રૂા.૮ હજારની કિંમતના લાયન લેડી શૈલજા શાહની પહેલ ભર્યા સહયોગથી સુપ્રત કર્યા. સેવા કાર્ય નં.૨૩ અંતર્ગત લાયન લેડી રેખા જાજુ દ્વારા રૂા.૩ હજારના આર્થિક સહયોગથી ૪ નંગ ટેબલ ટેનિસ રેકેટ કન્યા શાળાની વિદ્યાર્થીનીઓને ઉપયોગાર્થે આપ્યા.

સાથે સાથ સેવા પ્રોજેક્ટ નં.૨૪ અંતર્ગત ૫ બાસ્કેટ બોલ રૂા.૪ હાજરની કિંમતના લાયન લેડી મીના કોઠારી અને લાયન લેડી માધવી ઠક્કરની ઉદારતા ભરી મદદ મળવાથી અત્રે આપયા. તે ઉપરાંત સેવા કાર્ય ૨૫માં રૂા.૧૫૦૦ની કિંમતના ૫ બોક્સ ટેબલ ટેનિસ બોલ, લાયન લેડી નીલમ રાજદેના સાથથી આપયા.

ત્યારબાદ ૧૦ મેગ્નેટિક ચેસ બોર્ડ રૂા.૬ હજારની વેલ્યુના લાયન લેડી શૈલજા શાહની આર્થિક મદદ લઈને આપ્યા. સેવાકાર્ય ક્રમાંક ૨૭ અંતર્ગત રૂા.૧૩ હજારની કિંમતના તાઈકોવોન્ડો યુનિફોર્મ લાયન લેડી રીના મૈશેરી અને શ્રીરામ ગ્રુપના આત્મીય મદદ મળવાથી અત્રે સોંપયા.

સેવા પ્રોજેક્ટ નં.૨૮માં રૂા.૨૫૦૦ કિંમતના સેનેટરી પેડ અત્રેની કન્યાઓને માટે ડોનેટ કર્યા. આ સેવા કાર્ય માટે લાયન લેડી દિપાલી ખટાડિયાનો આર્થિક સપોર્ટ પ્રાપ્ત થયો હતો.

૩૦૦ વિદ્યાર્થીનીઓને વોચ અને ગીફટ આઈટમ રૂા.૬૦ હજારની લાયન લેડી રાજુલ છેડા તથા લાયન લેડી માયા કોઠારીનો ઉદાર સહયોગ મેળવી આપ્યું. કામાગલી ઘાટકોપર સ્થિત કન્યાશાળામાં છેલ્લો સેવાકાર્ય નં.૩૦માં રૂા.૫ હાજરની કિંમતની સ્ટોરી બુક અને એક્ટિવિટી બુકના સેટ લાયન લેડી રાજુલ છેડાની આર્થિક પહેલથી આપ્યા.

બપોરે ૩ કલાકે સેવા પ્રોજેક્ટ નં.૩૧ જય વકીલ ફાઉન્ડેશન શીવરી સ્થળે કરાયો. અત્રે રૂા.૨૧ હજારના ખર્ચે વુડન પાર્ટીશન કરી અપાયા. જેની મદદ લાયન લેડી કસ્તુર કારાણી અને મહેન્દ્ર ગાલા દ્વારા મળી હતી. સેવા પ્રોજેક્ટ નં.૩૨ લાયન્સ પેવેલિયનમાં સાંજે ૭ કલાકે સિનિયર નાઈટમાં એલ.એલ.ઓક્ઝિલરીના પદાધિકારીઓ મેમ્બરો સહભાગી થયા હતા. આજના દિવસનો અંતિમ ૧૫મો સેવાકાર્ય અને લાયન સર્વીસ વીકનો સળંગ ૩૪મો સેવા કાર્યક્રમ નિર્ધારીત થયેલ એ મુજબ પ્રોજેક્ટ ચેરપર્સન અને ડોનર માયા કોઠારી દ્વારા લાયન લેડી માયા કોઠારી દ્વારા રૂા.૧ હજારના ખર્ચ જીવદયા કાર્ય થયું. જેમાં શ્વાનોને રાત્રે ૧૧ વાગે ફીડીંગ અપાયું.

બુધવાર તા.૨ ઓક્ટોબર ગાંધીજી જન્મ જયંતિ દિવસે સવારે ૯ કલાકે લાયન સર્વીસ વીકના ચોથા દિવસનો પ્રથમ સેવા કાર્ય અને સળંગ ૩૫ મો સેવા પ્રોજેક્ટ જેમાં બ્લડ ડોનેશન કેમ્પમાં ૧૦૦ જેટલા લાભાર્થીઓને ચા, કોફી અને બિસ્કિટ વિતરીત કર્યા. રૂા.૭ હજારના આ ઉપયોગી સેવાકાર્ય માટે લાયન લેડીના સર્વે મેમ્બરોનો સહયોગ પ્રાપ્ત થયો હતો. સવારે ૯.૧૫ વાગે સળંગ ૩૬મો સેવાકાર્ય જેમાં ૧૫ જેટલા જરૂરતમંદોને ગ્રોસરી હેમ્પર બાળકોને રૂા.૧૮ હજારની કિંમતના આપ્યા. જેના ડોનર અને પ્રોજેક્ટ ચેરપર્સન લાયન લેડી શીલ












Click Here

# લાયન્સ લેડી ઓક્ઝિલરી મુલુંડ દ્વારા લાયન્સ સર્વીસ વીક અંતર્ગત વિવિધ સમાજપયોગી સેવા કાર્યો કરાયા







અરોરા હતા.

સળંગ સેવા કાર્ય નં.૩૭ અંતર્ગત સવારે ૯.૪૫ કલાકે લાયન્સ સ્પોર્ટસ પેવેલિયન સ્થળે ચોખા અને દવાઓ કૂતરાઓ માટે અપાઈ. રૂા.૩૦ હાજરનું અનુદાન આ સેવાકાર્ય માટે લાયન લેડી માયા કોઠારી, લાયન લેડી અર્જુલી છેડા, લાયન લેડી અલકા ભીંડે, લાયન લેડી વાસંતી લોડાયા અને લાયન લેડી ગીતા ભીંડે તરફથી મળ્યો હતો. પ્રોજેક્ટ ચેરપર્સન માયા કોઠારી હતા.

સવારે ૧૦ કલાકે સેવા કાર્યની શ્રૃંખલામાં ૩૮મો સેવા કાર્યક્રમ એમ.વી.આર.શિંદે હાઈસ્કૂલ ભાંડુપને ૧ નંગ કોમ્પ્યુટર અને પ્રિંટર સેટ ડોનેટ કરાયું. રૂા.૪૦ હજારની રકમ આ સેવા કાર્ય માટે ડોનર લાયન લેડી સુષમા ઠક્કર તરફથી પ્રાપ્ત થઈ હતી.

સેવા કાર્ય નં.૩૯માં વીણા નગર સંતોષી માતા મંદિર સામે મુલુંડ વેસ્ટમાં સવારે ૧૦.૩૦ કલાકે રૂા.૫ હાજરની કિંમતનો ગૌમાતાને આહાર આપી જીવદયા પ્રવૃત્તિ કરી. પ્રોજેક્ટ ચેરપર્સન માયા કોઠારીના માર્ગદર્શનમાં થયેલ આ સત્કાર્યના ડોનર તરીકે લાયન લેડી ભાવના શર્મા, લાયન લેડી નિશા કારીયા, લાયન લેડી નીલમ રાજદે, લાયન લેડી નિપા લાખાણી હતા.

સવારે ૧૧ વાગ્યે સેવા પ્રકલ્પ ૪૦માં મુલુંડ પૂર્વની સાવરકર હોસ્પિટલમાં રૂા.૧૫ હજારનું બાળકલ્યાણ માટે અનુદાન લાયન લેડી શીલ અરોરા દ્વારા અપાયું. પ્રોજેક્ટ ચેરપર્સન લાયન લેડી શીલ અરોરા હતા.

૪૧મો સેવાકાર્ય અત્રે જ હોસ્પિટલ રૂા.૬ હજારની કિંમતના ગોળચણા ૫૦ જણને અપાયા. પ્રોજેક્ટ ચેરપર્સન લાયન લેડી વાસંતી લોડાયાની અંડરમાં થયેલ આ પ્રવૃત્તિના ડોનર લાયન લેડી કાશ્મીરા પટેલ, લાયન લેડી હીરેન કોઠારી તથા લાયન લેડી નીતા ઠક્કર હતા.

બપોરે ૧૨.૦૫ કલાકે મુલુંડ ચેકનાકા સ્થિત કેવી.એસ.ટ્રસ્ટમાં લાભાર્થીઓને રૂા.૨૫ હાજરની ગ્રોસરી આપી. જે માટેનું અનુદાન લાયન લેડી ગીતા ભીંડે, લાયન લેડી ભાવના શર્મા, લાયન લેડી દક્ષા શાહ, લાયન લેડી હીરેન કોઠારી અને લાયન લેડી દીના ગડા તરફથી મળ્યું હતું.

બપોરે ૧૨.૩૦ કલાકે સર્વોદય નગર પરિસરમાં માવરિક બિલ્ડરના ૭૦ જેટલા જરૂરતમંદોને રૂા.૯ હજારનું રિલીવ ધ હંગર અન્ડર સેવાકાર્યા થયું. આ સેવા પ્રોજેક્ટ આજના દિવસનો નવમો અને સળંગ ૪૩મો સેવાકાર્ય હોવાની વિગત નોંધી હતી. રૂા.૯ હાજરનું ડોનેશન લાયન લેડી નીતા ઠક્કર, લાયન લેડી પારૂલ સાવલા અને લાયન લેડી નીલમ રાજદે તરફથી મળ્યું હતું.

સેવા પ્રોજેક્ટ ૪૪ મો બપોરે ૧૨.૩૦ વાગે ૭૦ જેટલા લાભાર્થીઓને રૂા.૨ હજારના નેપકીન આપયા. જે માટેની મદદ લાયન લેડી મૃણાલી પાટીલ તરફથી પ્રાપ્ત થઈ હતી.

બપોરે ૨ વાગ્યે અંતરિયાળ વિસ્તારના ગામમાં ૧૩ લાભાર્થીઓને ઉપયોગી થઈ શકે એવી નાની લાયબ્રેરી સેટ અપ કરી અપાઈ. રૂા.૧૯૫૦૦ના ખર્ચથી થયેલ આ સેવાનું દાન લાયન લેડી અલકા ભીંડે, લાયન લેડી અર્જુલી છેડા, લાયન લેડી પ્રીતિ કોટક અને લાયન લેડી મીના કોઠારી દ્વારા મળ્યું હતું. આ સેવા સર્વીસ વીકના સળંગ ૪૫મા ક્રમાંક હેઠળ થ.યું હતું.

આજના દિવસનો અંતિમ અને સળંગ ૪૬મો સેવા પ્રકલ્પ રાતે ૧૧ વાગે મુલુંડમાં પ્રોજેક્ટ ચેરપર્સન અને ડોનર લાયન લેડી માયા કોઠારીની અનુકંપા સહાયથી રૂા.૧ હજારનું જીવદયાના














Click Here

# લાયન્સ લેડી ઓક્ઝિલરી મુલુંડ દ્વારા લાયન્સ સર્વીસ વીક અંતર્ગત વિવિધ સમાજપયોગી સેવા કાર્યો કરાયા







કાર્યમાં શ્વાનોને આહાર અપાયો.

લાયન્સ સર્વીસ વીકનો પાંચમો દિવસ એટલે કે ગુરૂવાર તા.૩ ઓક્ટોબરના દિવસે પ્રથમ સેવા પ્રકલ્પ અને સળંગ ૪૭મો સેવા પ્રોજેક્ટ લાયન્સ સ્પોર્ટસ પેવેલિયનમાં સવારે ૧૧ વાગે રૂા.૭ હજારનું સિવણ મશીન એક જરૂરતમંદને સુપ્રત કર્યું. આ માટેની ઉદાર સહાય લાયન લેડી અર્જુલી છેડા તરફથી પ્રાપ્ત થઈ હતી. ચીફ ગેસ્ટ તરીકે ડીસ્ટ્રીક ફર્સ્ટ લેડી સીમા લાડગે ઉપસ્થિત હતા.

બપોરે ૧૨ કલાકે હનુમાન પાડા સ્કૂલ મુલુંડ કોલોનીમાં સેવા કાર્ય નં.૪૮ અને ૪૯ અંતર્ગત લાયન લેડી હિરણ કોઠારીના ઉદાર ભાવ રૂા.૨૫ હજારનું કોમ્પ્યુટર આપ્યું હતું. જે શાળા માટે ઉપયોગી બની રહેશે. આ ઉપરાંત બીજા સેવા પ્રોજેક્ટ આ જ શાળાના ૬૦ વિદ્યાર્થીઓને સ્નેક્સ પેકેટ અને શાળાપયોગી સ્ટેશનરી રૂા.૧૫૦૦ કિંમતની લાયન લેડી અલકા ભીંડે અને લાયન લેડી અર્જુલી છેડાની મદદને લીધે કરાઈ હતી. આ બંન્ને સેવા પ્રોજેક્ટના ચીફ ગેસ્ટ તરીકે ડિસ્ટ્રીક ફર્સ્ટ લેડી લાયન લેડી સીમા લાડગે હતા.

ત્યારબાદ બપોરે ૧ કલાકે મુલુંડની સુપ્રસિદ્ધ એસ.એમ.પી.આર.શાળામાં ૧૩૦ વિદ્યાર્થીઓની આઈ ચેકઅપ માટે કેમ્પ સંચાલિત થયો. જે લાયન લેડી ઓક્ઝિલરીની સર્વે મેમ્બરોની સહભાગી થયો હતો. આ સેવા કાર્ય સળંગ ૫૦મો હતો.

આ જ સ્કૂલમાં પ્રોજેક્ટ ૫૧ અને ૫૨ અંતર્ગત રૂા.૫ હજારની કિંમતની લાયન લેડી રાજુલ છેડાના મદદથી સ્ટોરી બુક અને એક્ટિવીટી બુક ડોનેટ અપાઈ. તે સાથોસાથ ૨૦૦ વિદ્યાર્થીઓને લાયન લેડી માયા કોઠારી અને લાયન લેડી જ્યોત્સના મજેઠિયાની રૂા.૯ હજારની ઉદાર સહયોગથી સ્નેક્સ પેકેટ અને સ્ટેશનરી આઈટમ ભેટ અપાઈ હતી.

આજના દિવસનો સાતમો અને લાયન્સ સર્વીસ વીકનો સળંગ ૫૩મો સેવા કાર્ય દાદરની કમલા મહેતા બ્લાઈન્ડ સ્કૂલની ૧૫૦ બાલિકાઓનું બપોરે ૩ કલાકે પૂજન કરાયું અને રૂા.૯ હજારની કિંમતની ભેટ અપાઈ. બાલિકાઓ દૈવીશક્તિનું પ્રતિક છે જેની પ્રતીતિ લાયન લેડી માયા કોઠારીની ડોનર તરીકેની પહેલથી મળી હતી.

આજનો છેલ્લો અને સર્વીસ વીકનો ૫૪ મો સેવા પ્રોજેક્ટ રાતે ૧૧ વાગે મુલુંડમાં જીવદયા પ્રવૃત્તિનો થયો. ડોનર અને પ્રોજેક્ટ ચેરપર્સન લાયન લેડી માયા કોઠારીની મદદથી ડોગને આહાર અપાયો હતો.

લાયન્સ સર્વીસ વીકના છઠ્ઠા દિવસે શુક્રવાર તા.૪ ઓક્ટોબરના આજના દિવસનો પ્રથમ અને સર્વીસ વીકનો સળંગ ૫૫મો સેવા કાર્યક્રમ સવારે ૮ કલાકે વાડીયા હોસ્પિટલ પરેલમાં ૪૦ કેન્સર પીડિત બાળકોને રૂા.૨ હાજર મૂલ્યનું ન્યુટ્રીશન ફૂડ વિતરીત કરાયું. આ સેવા કાર્ય માટે લાયન લેડી રાજુલ છેડા, લાયન લેડી મીનલ નાઈક, લાયન લેડી નીપા લાખાણી, લાયન લેડી અલકા ભીંડે અને લાયન લેડી અર્જુલી છેડાનો આર્થિક સહયોગ પ્રાપ્ત થયો હતો.

સવારે ૧૦.૩૦ વાગે રૂા.૭.૫૦ લાખ ખર્ચે ૨ કલાસ રૂમ લાયન ક્લબ ઓફ મુલુંડના સંયુક્ત સહયોગથી દહાળુની શાળામાં કન્સ્ટ્રક્શન કરી ડોનેટ અપાયા. આ કાર્યક્રમના ચીફ ગેસ્ટ ડિસ્ટ્રીક ગર્વનર મનીષ લાડગે અને ડીસી જીએસટી દીપક ભુરાની હતા. આ સેવાકાર્ય સળંગ ૫૬ ક્રમાંકનો હતો. લાયન લેડી ઓક્ઝિવલરીની મેમ્બર લાયન લેડી સરોજ મોંગીયા, લાયન લેડી અનુરાધા ગોયલ, લાયન લેડી નીકિતા શાહ, લાયન લેડી












Click Here

# લાયન્સ લેડી ઓક્ઝિલરી મુલુંડ દ્વારા લાયન્સ સર્વીસ વીક અંતર્ગત વિવિધ સમાજપયોગી સેવા કાર્યો કરાયા







શૈલેજા શાહ, લાયન લેડી અંજુ આશર, લાયન લેડી અલકા ભીંડે, લાયન લેડી અર્જુલી છેડા અને મિસ્ટર ટી.એસ.ક્રિષ્ણનના આર્થિક સહયોગથી પાર પડ્યો હતો.

૫૭ થી ૬૩ સુધી સેવા કાર્યક્રમમાં અત્રેની જ શાળામાં રૂા.૧૦૬૫૦૦ ના મૂલ્યના સ્પોર્ટસ સાધનો, કપબોર્ડ, સંદુક, ડ્રોઈંગ બુક, કલર, લેઝિમ, ઢોલ, નગારા, બ્લુટુથ સ્પીકર વિથ માઈક અને રાજગરા લાડુ, બોર્ન બિસ્કીટની ભેટ આપી હતી. જે માટે લાયન લેડી અર્જુલી છેડા, લાયન લેડી અલકા ભીંડે, લાયન લેડી મીનલ નાઈક, લાયન લેડી નિપા લાખાણી, લાયન લેડી રાજુલ છેડા, માનસી છેડા, અમન છેડા અને લાયન લેડી શૈલજા શાહના પૌત્ર આઝાદ શાહ તથા આર્યન શાહનો આર્થિક સહકાર પ્રાપ્ત થયો હતો.

સવારે ૧૦ વાગ્યે લાયન્સ સ્પોર્ટસ પેવેલિયનમાં ૨૫ મેન્ટલી રિટાયર્ડ બાળકોને ગ્રોસરી હેમ્પર રૂા.૨૧ હજારની કિંમતના આપયા. સેવા કાર્યક્રમ નં. ૬૪ અંતર્ગત થયેલ આ સેવા માટે લાયન જ્યોતિ શાહનો આર્થિક સહયોગથી થયો હતો. કાર્યક્રમના ચીફ ગેસ્ટ ડિસ્ટ્રીકના થર્ડ લેડી લાયન લેડી અચલા શાહ હતા.

સવારે ૧૧ કલાકે મુલુંડ વિદ્યામંદિરમાં ૬૫ મો સળંગ સેવા પ્રોજેક્ટમાં લાયન લેડી જ્યોત્સના મજેઠિયાના રૂા.૧૩૫૦૦ના આત્મીય સહયોગથી ૧ નંગ સેનેટરી પેડ વેન્ડીંગ મશીન અને જવલન કરતું મશીન ડોનેટ કરાયું હતું.

બપોરે ૧ વાગે મુલુંડની રાજીવ ગાંધી હાઈસ્કૂલમાં આઈ ચેકઅપ અને ડેન્ટલ કેમ્પનું વિદ્યાર્થીઓ માટે રખાયો હતો. સળંગ ૬૬મો સેવા પ્રકલ્પ હતો. આ સાથે સેવા પ્રોજેક્ટ ૬૭ અને ૬૮ હેઠળ આજ શાળાના વિદ્યાર્થીઓને રૂા.૫ હજારના મૂલ્યની સ્ટોરી બુક તથા એક્ટિવિટી બુક્સ લાયન લેડી રાજુલ છેડાના મદદથી અપાઈ હતી તથા અન્ય સેવા કાર્યમાં લાયન લેડી માયા કોઠારી અને લાયન લેડી જ્યોત્સના મજેઠિયાની મૂલ્યવાન મદદ સાથે રૂા.૯ હાજરની કિંમતની સ્ટેશનરી આઈટમ અને રાજગીરા લાડુ ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓને આપયા હતા. કાર્યક્રમના ચીફ ગેસ્ટ લાયન લેડી અચલા શાહ હતા.

ત્યારબાદ ૬૯મો સેવાકાર્ય વીણા નગરની બીએમસી સ્કૂલમાં રૂા.૨૦ હજાર કિંમતનો કપબોર્ડ અને શેતરંજી શ્રીરામ ગ્રુપની ઉદાર ભલાઈ મદદથી અપાઈ હતી.

લાયન્સ સર્વીસ વીકના સેવા કાર્યની અવિરત હરોળમાં ૭૦ સેવા કાર્ય લાયન લેડી જ્યોતિબેન શાહની રૂા.૨૦ હજારની મદદ દ્વારા મોતીયા બિંદુના ઓપરેશન માટે સહાય કરાઈ હતી. આજના દિવસનો ૧૧મો અને અંતિમ અને સેવા સાંકળની કડી જોડતો સળંગ ૭૧ મો સેવા પ્રોજેક્ટ ડોનર અને ચેરપર્સન લાયન લેડી માયા કોઠારી દ્વારા મુલુંડમાં રાતે ૧૧ વાગ્યે જીવદયા કાર્ય અંતર્ગત શ્વાનોને ફીડીંગ અપાયું હતું.

લાયન્સ સર્વીસ વીકના સાતમા દિવસે શનિવારે તા.૫ ઓક્ટોબરના સવારે ૭ વાગે મુરબાડ જવા બસ દ્વારા સૌ પ્રસ્થાન કર્યું.













Click Here

# લાયન્સ લેડી ઓક્ઝિલરી મુલુંડ દ્વારા લાયન્સ સર્વીસ વીક અંતર્ગત વિવિધ સમાજપયોગી સેવા કાર્યો કરાયા






જ્યાં સવારે ૧૦.૩૦ વાગ્યે સળંગ ૭૨ અને ૭૩ મો સેવા પ્રકલ્પ રૂા.૭૫ હજારના ખર્ચે ૧ ચેકડેમ બનાવવાનો શિલાન્યાસ ગ્રામજનોની મોટી ઉપસ્થિત સાથે સંપન્ન કરાયો. આ સેવા કાર્ય સંપન્ન માટે અનુદાન લાયન લેડી અનુરાધા ગોયલ દ્વારા મળ્યો હતો. સાથો સાથ અત્રે એક અન્ય ચેક ડેમ રૂા.૭૫ હજારના ખર્ચે શ્રીરામ ગ્રુપની ઉદાર મદદ સાથે બનાવવા માટે શિલાન્યાસ કરાયો. આમ કુલ્લ ૨ ચેક ડેમની સગવડ પછાત વિસ્તારના ગ્રામજનોને મળશે.

રાતે ૧૧ કલાકે મુલુંડમાં ૭૪ મો સેવા કાર્ય રૂા.૧ હજારના ખર્ચે પ્રોજેક્ટ ચેરપર્સન અને ડોનર લાયન લેડી માયા કોઠારીની મદદથી જીવદયા પ્રવૃત્તિનો કરાયો. જેમાં શ્વાનોને આહાર અપાયો હતો. આ જીવદયા પ્રવૃત્તિ સર્વીસ વીકના સાતેય દિવસ રાતે ૧૧ વાગે લાયન લેડી માયા કોઠારીની સહાયથી અને તેમના નેતૃત્વ હેઠળ કરાઈ હગતી.

તા.૬ ઓક્ટોબર રવિવારે સવારે ૮ કલાકે બંટભવન કુરલામાં ગ્રાન્ડ ફીનાલે પ્રોગ્રામમાં લાયન લેડી ઓક્ઝિલરીના મેમ્બર જોડાઈ સહકાર્ય આપેલ અને સર્વીસ વીકનો રિપોર્ટ રજૂ કર્યો.

ડિસ્ટ્રીક લાયનના ફાઈનલ પ્રોગ્રામમાં ફોટો ડિસપ્લે લાયન લેડી ઓક્ઝિલરી વિભાગમાં લાયન લેડી ઓક્ઝિલીરી મુલુંડને ફર્સ્ટ પ્રાઈઝ વિજેતાનું ગૌરવ મળ્યું.

દેશ અને સમાજમાં નારી શક્તિનો પ્રભાવ છવાઈ રહ્યો છે. ઉત્તરોત્તર વધી રહ્યો છે. લાયન્સ ક્લબ ઓફ મુલુંડની મહિલા વિંગ ક્લબના ઉદ્દેશને આગળ વધારવા કદમથી કદમ મેળવી ચાલે છે.

એકબીજાને હાથ આપી, સાથ આપી લોકોની સેવા કરવાથી સમાજનું કલ્યાણ થાય છે એવો ભાવ અને હૈયે સંકલ્પ લાયન લેડી ઓક્ઝિલરીની દરેક મેમ્બરોમાં છે. લાયન્સ સર્વીસ વીક અંતર્ગત લાયન લેડી ઓક્ઝિલરી દ્વારા થયેલ કુલ્લ ૭૪ જેટલા સેવા કાર્યમાં રૂા.૧૫,૨૭,૪૦૦ કિંમતના સમાજ કલ્યાણ સમાજ વિકાસ સ્વાસ્થ્ય જાગૃતિ, જીવદયા, પર્યાવરણ, જળ સે જીવન, શિક્ષણ સહાય સાથે દિવ્યાંગજનો અને એકલવાયુ જીવન વિતાવતાં વરિષ્ઠ વડીલોની કાળજી ઈત્યાદિ વિવિધ મુદ્દા આ સેવા કાર્યમાં આવરી લેવાયા હતા. લાયન લેડી ઓક્ઝિલરીના દરેકે દરેક મેમ્બરોએ તન, મન અને ધનથી સહયોગ આપી એવા ભાવના ધ્યેયને સાર્થક કરી છે. જે આજની નારી શક્તિની તાકાત દર્શાવે છે.















Click Here